સ્નેહાર્પણ.

મારૂં મુંબઈનું મિત્રમંડળ:—

પ્રિય મૂળજીભાઈ વિ. પુરૂષોત્તમ મહેતા.
પ્રિય રણછોડભાઇ પ્રેમજી શર્મા.
પ્રિય લાલજીભાઇ ભીમજી નાકર.
પ્રિય કરસનદાસ લાલજી નાકર.
પ્રિય મૂળજીભાઈ ભાણજી રાજગુરૂ.
પ્રિય દામોદરભાઇ અજરામર શર્મા.

આપ ! મિત્રોને લીધે મારો મુંબઈમાં વસવાનો લગભગ એક વર્ષ જેટલો લાંબો વખત આનંદમાં પસાર થયો, તથા ભારત ખંડમાં પ્રથમ દરજ્જો ધરાવનાર **મોહમયી** નગરીની વિચિત્ર અને અનંત ખૂબીઓ તેમજ ખામીઓ જોવાનું સહેલાઈથી બની શક્યું; તે દલાલોના સમાગમના 'સ્નેહસ્મરણ' માં આ મારૂં "કિંકૃત ઐચ્છિક દંપતિ પ્રેમામૃત" લઘુ પુસ્તક આપ મહાશય મિત્રોને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

અમદાવાદ.
ખ્રિસ્તી નવું વર્ષ, ૧૯૦૩.

હું આપનો
કવિ જીવન.

એક માનપત્ર.

कच्छ मुंद्रा-गोरक्षक मंडळी तरफथी.



રાજેશ્રી કવિ જીવરામ અજરામર ગોર.

આપે આ મંડળીને હમેશાં તનમનથી સારી મદદ આપી છે, અને તેની દરેક બેઠક વખતે હાજર રહી, આપની **રસિક કવિતા** તથા **શૌર્યાન્વિતસુભાષિત**થી સભાસદોનાં મન રંજન કરી, મંડળીની ઉન્નતિ થવામાં સહાયભૂત થયા છો, તેથા તથા દરેક પ્રસંગે આપની **ઉત્તમ કવિત્વશક્તિ** જોઈને આ **મંડળી** તરફથી આપને **સોનાના ચાંદ** સહિત "**કવિ**"નું પદ આપવામાં આવે છે.

ચૈત્ર શુદિ ૧૦ રવિવાર, સંવત ૧૯૫૦.

તા. ૧૫-૪-૯૪ સભાની સંમતિથી

(અંગ્રેજી સહી) **રતનશંકર ભાઈશંકર.**

કચ્છ-મુંદ્રા ગોરક્ષક મંડળીના પ્રેસીડેન્ટ.

પ્રસ્તાવના.

કવિ શ્રી ઉમેદકૃત "ખુશાબુ કુમારી"ની વાર્તા પ્રસિદ્ધ કર્યા પછી આ "મોજદીન મેહેતાબ"ની નામની વાર્તાવિષે સાંભળ્યું. તપાસ કરતાં માલૂમ પડ્યું કે એ વાર્તા રજવાડાઓમાં તેમજ આગલા જમાનાના વિદ્વાનોમાં ઘણીજ પ્રસિદ્ધ અને પ્રિય છે તે પરથી તે મેળવવાની શોધ જારી રાખી. પરંતુ ભાટ લોકોના મોઢાના દોહરા સિવાય વિશેષ કંઇ મળ્યું નહિ; પણ સાંભળેલા દોહરાની કવિતા ઘણી સરસ હોવાથી મૂળ ધારણા વધારે મજબૂત થઇ છેવટ એક કાઠિયાવાડી ભાટપાસેથી એ આખી વાર્તાના ૭૫ દોહરા મોઢેથી ઉતારી લીધા. પરંતુ તે ઘણા અશુદ્ધ તેમજ કેટલેક જગાએ અસંબંધ જેવા હોવાથી વાર્તાનો સંપૂર્ણ રસ માણી શકતા નહોતા. વળી એક ભુજપુરના ભાટના ચોપડામાંથી ૮૫ દોહરાની લખેલી પ્રત મળી, તેમાં પ્રથમના દોહરા (પાના જવાથી) નહોતા. બાકી ઉપલા દોહરાઓના જેવુંજ કેટલુંક હતું. છેવટ ભુજ જતાં ત્યાંની વ્રજભાષાની પાઠશાળામાં અભ્યાસ કરતા ગઢસીસાના મારૂ ચારણ હમીર પચાણ

પાસે પડેલા ત્રણ દોહરા સિવાય આખી સંપૂર્ણ (૧૦૬ દોહરાવાળી) પ્રત મળી; તે તથા બીજી પ્રતો મેળવીને સંશોધન સહિત આ પ્રતમાંના ૧૦૬ દોહરા તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં કેટલીક જગાએ ઘણોજ પાઠ ફેર હોતાં, તે આખા દોહરા નીચે નોટમાં આપ્યા છે.

વિશેષ આ વાર્તા વાંચનારને એક ખાસ બાબત જણાવવાની એ છે કે આ વાર્તા જે ભાટ લોકો મોઢે કહેછે, તેમાં પુષ્કળ ગદ્ય ઉમેરીને વિસ્તારથી બોલે છે, અને આ સોએક દોહરાઓને તેમાં અનુકૂળ જગાએ ગોઠવેછે, તેથી એકલા દોહરા વાચતાં કેટલેક સ્થળે સંબંધ વગરના અને ચાલતો અર્થ ન સમજાય તેવા લાગશે; તેનું કારણ એટલુંજ કે એ દોહરાઓ વચ્ચે કેટલીક વાત રહી જાય છે, તે સાધારણ માણસો સમજી શકતાં નથી. માટે આ વાર્તા વાંચતી વખત માત્ર દોહરા વાંચી ગૂજરાતી ટીકા મૂકી ન દેતાં તે સાથેજ વાંચવી, કે તેનો સંબંધ અને અર્થ બરાબર સમજાય.

આ વાર્તા અત્યંત રસિક છતાં કવિએ એટલી બધી ટૂંકામાં પતાવી દીધી છે કે તેની મૂળ કરતાં ત્રણ ચાર ઘણી ટીકા કર્યાછતાં પણ હજુ તે પૂરી

થઇ છે, એમ હું કહી શકતો નથી. એટલા દોહરા ઉપરથી વિસ્તાર કર્યો હોય તો એક મોટો ગ્રંથ થાય તેમ છે, તેમાં એક મારા મુરબ્બી ગૃહસ્થે એના ઉપરથી એક નૉવેલ કિંવા નાટક બનાવવાની મને સૂચના કરી છે, અનુકૂળ અવસરે ઉપકાર સહિત તેનો અમલ કરવા ઉમેદ[1] રાખું છું.

આ ગ્રંથની જે બે પ્રતો મળીછે, તેના આગલા દોહરા હતાજ નહિ, તે તો ભાટોને મોઢેથીજ લીધા છે, તેમ ઘણી તજવીજ કર્યા છતાં વિશેષ પ્રતો મળી શકી નથી. તેપરથી અનુમાન થાય છે કે જો એ ગ્રંથનો પુનરોદ્ધાર ન થયો હોત તો કેટલીક મુદ્દત જવા પછી કદાચ તે નાશ પામત. માટે બીજા કોઈ ગૃહસ્થ પાસે એના કંઈ દોહરા કિંવા પ્રત હોય ને તેમાં આ પ્રત કરતાં કંઇ વિશેષ કે જુદું હોય તે લખી જણાવશે તો તે યોગ્યતા પ્રમાણે ઉપકાર સાથે ઉમેરીશું.

આ વાર્તાનો મુખ્ય-નાયક મોજદીન હશનના શા-

---

[1] આના ઉપરથી **"માધવ મલ્લિકા"** નાટક મુંબઇની એક ચોક્કસ કંપનીમાટે રચવા માંડયું હતું, પણ પરસ્પરની શરતોમાં વાંધો પડતાં તે મુલતવી રહ્યું છે, તથાપિ વખત મળે તે તરત પૂરૂં કરી કોઇ પણ નાટક કંપનીને તેનો ભજવવાનો હક્ક આપવામાં આવશે.

હતો શાહજાદો હતો, અને મેહેતાબ તે પાદશાહના એક વઝીરની પુત્રી હતી તે બાહાનું સગપણ તેના માતપિતાઓએ બીજી જગાએ કર્યું હતું, દરમ્યાન વાર્તામાં વર્ણવ્યા પ્રમાણે મોજદ્દીનસાથે તેને સ્નેહ બંધાયો, અને બાણાસુરની પુત્રી **ઓખાની** પેઠે મેહેતાબના મેહેલમાં તેમનો મેળાપ થયો. તે વાતની ખબર થતાં પાદશાહે પોતાના શાહજાદાપર ગુસ્સે થઇને પ્રથમ તેને દેશનિકાલની અને પછીથી દેહાંતની સજા કરી, તે અમલમાં લાવવામાં આવેલી અડચણને લીધે ન્યાયાધીશ પાસે ઇનસાફ કરાવીને "મેહેતાબનો સ્નેહ છોડવા અથવા તો ઇરાનની રાજ્યગાદી ઉપરથી હક ઉઠાવવા," મોજદ્દીનને આજ્ઞા કરી પરંતુ મેહેતાબની સાથે અપૂર્વ અને મજબૂત-દૃઢ પ્રીતિથી બંધાયલા મોજદ્દીને કુરાન ઉપર હાથ મૂકી-સોગન ખાઇને ખુશીથી ઇરાનના રાજ્યઉપરથી પોતાનો હાથ ઉઠાવ્યો. પણ આગળ જતાં પરમેશ્વરે તેની સહાયતા કરી અને તે બન્ને સર્વ પ્રકારે સંસારનું સુખ પામ્યાં. માટે એવીજ દૃઢ પ્રીતિથી જે વરકન્યાનું લગ્ન થાય, તેઓજ સંસારનું ખરૂં સુખ ભોગવવાને સંપૂર્ણ શક્તિમાન થાયછે.

'**મોજદ્દીન મેહેતાબ**'નો કિસ્સો મૂળ ફારસી ભાષામાં છે, અને તે ઉપરથી આ વાર્તા રચાઇ છે એમ અમે એક સુપ્રસિદ્ધ વિદ્વાન પાસેથી સાંભળ્યું છે; તેમ "**મોજદ્દીન મેહેતાબ**" "**લેલીમજનું**," ઇ૦ ના નામ "**પ્રવીણસાગર**" માં પણ આવે છે, વળી આ કિસ્સાના કેટલાક ભાગનો ભાવાર્થ ખુદ પ્રવીણસાગરમાં પણ લીધેલો જણાયછે.

આ વાર્તામાં દંપતિના પૂર્વાનુરાગ-પ્રથમ પ્રીતિ લાગ્યા-નું વર્ણન નિર્દોષ અને સ્વભાવિક છતાં તેની સત્યતા અને દૃઢતા અપૂર્વ છે, તેમ પરમન્યાયિક શાહ ખુદાદ્દીનનો ઇનસાફ અસાધારણ દૃઢ નિશ્ચયવાળો અને કેવળ અતિમાનુષિક છે, માટે સમજુ માણસો તેમાંથી સારી શીખામણ લેશે, એવી આશાથી ઘણા જૂના કાળમાં રચાયલું આ પુસ્તક છપાવી પ્રગટ કર્યુંછે.

માણસોના મનના અનુમાન સિવાય કંઈ વિશેષ પૂરાવા લાયક હકીકત આ ગ્રંથના રચનાર કવિ ઉદયરામવિષે મળી નથી. એટલે અહીં તે વિષે કંઈ લખવા ઉચિત ધારતો નથી.

અમદાવાદ.
તા. ૧૧-૧૨-૯૨. } જીવરામ અજરામ ગોર

બીજીઆવૃત્તિ.

આ ઉત્કૃષ્ટ ઐચ્છિક પ્રેમમય વાર્તાની પહેલી આવૃત્તિ ઘણી મુદ્દતથી ખપી ગએલી હોવાથી અમદાવાદનો નિવૃત્તિનો સમય અને છપાવવાની સગવડનો લાભ લઇ આ "બીજી આવૃત્તિ" કરી છે. તેના કાગળ કદ વગેરેમાં સુધારો કર્યા છતાં કિમતમાં ઘટાડો કર્યો છે.

અમદાવાદ.
તા. ૧-૧-૦૩. } જીવરામ અજરામર ગોર.

मोजद्दीन मेहेताब.

५८६

દોહરા.

શહેર ઈરાની પાદશા', ખુદાદ્દીન વહ નામ;
સાહેબજાદા મોજદ્દિન, મીનકેતુકો ધામ. ૧

આગળના વખતમાં શેહેરે ઇરાનમાં ખુદાદીન નામે પરમ ન્યાયિક અને પ્રતાપી પાદશાહ રાજ્ય કરતો હતો, તેને મોજદ્દીન નામે ખુબસૂરતીમાં કામદેવના ધામ જેવો જવાન શાહજાદો હતો. તેને તે કાળના ધોરણપ્રમાણે સર્વ વિદ્યા અને કળામાં ભણાવીને કાબેલ કર્યો હતો તેથી તે પોતાના માતપિતા અને પુજ્ય ગુરૂઓની આજ્ઞામાં રહેતો હતો. પરંતુ જ્યારે તે-

ભયા અઠારહ બરસકા, તબ આશક ઉચ્છાહ;
સાહેબજાદા શિરપરે, શંક ન માને શાહ. ૨

અઢાર વર્ષની ઉમરનો નવયુવાન થયો, ત્યારે નીચ માણસોની સંગતિથી તેને ઇશ્કનો ઉત્સાહ લાગ્યો, તેથી નઠારા માર્ગમાં ઉતરી જઇને પોતાના પુ-

જાવ વિના શાહખુદાઈનાની પણ બીક ન ધરતાં સ્વચ્છંદી રીતે વર્તતો.

રોશનખાન બઝીરકી,[1] સુતા એક મ્હેતાબ;
જા મુખ શોભા દેખકે, ફીકે કમલ ગુલાબ ! ૩

શાહ ખુદાઈનાના મંત્રીમંડળમાં એક રોશન-ખાન નામે વઝીર હતો તેને ઘેર મેહેતાબ કરીને ખૂબસૂરતીમાં એટલી પરી જેવી વઝીરજાદી હતી, કે જેના મુખની સુંદરતા દેખીને કમળ તેમજ ગુલા-બનાં ફૂલ પણ નિસ્તેજ થઈ જતાં હતાં! વળી એ મેહેતાબ એવી ખુબસૂરત હતી કે જાણે તે—

કાશમીરકી મૃગની, પંપાસરકો હંસ;
રૂપ દિયો મ્હેતાબકો, બિધના સિંધુ બંસ! ૪

કાશ્મીરમાં ઉત્પન્ન થનારા કસ્તુરીમૃગની માદા હોય! કિંવા પંપાસરોવરના હંસનું બચ્ચું હોય! એવી તે સુંદર હતી. વળી વિધાતાએ મેહેતાબને એવું સુંદર રૂપ આપ્યું હતું કે જાણે તે સિંધુ (સમુદ્ર)ના અં-શથી ઉત્પન્ન થએલી સ્વયં લક્ષ્મીજ ન હોય! કિંવા—

જાનુ અરસસે[1] ઉત્તરી, પરી ખરી મ્હેતાબ;
સબ મેરીકો હુર લિયો, ઉરોજ ઉપર આબ ! ૫

૧. અર્શ (ફા) આકાશ.

મેહેતાબ જાણે આકાશ-સ્વર્ગમાંથી ઉતરી આવેલી ખરેખર-પરી-અપ્સરાજ ન હોય ! કે જેણે સમગ્ર જગતની સ્ત્રીઓનું નૂર-ખૂબસૂરતી પોતાના પયોધર ઉપર લઇ લીધી છે ! એટલે જેણે બધી સ્ત્રીનું તેજ પોતાની ગજબ ખૂબસૂરતીથી આકર્ષી (ખેંચી લઇ)ને તેને બે જથ્થાના રૂપમાં પોતાના ઉર ઉપર રાખ્યું છે !

બ્યાહીથી ગઢગંજને, શેખનકે ઘર તાસ;
નાદાનીસેં છોડ દઇ, મહતારીકે પાસ. ૬

તે મેહેતાબનું બાહુ નાની ઉમ્મરમાં ગઢગંજાણે શેખોને ત્યાં સગપણ થયું હતું, પરંતુ તેની નાની ઉમ્મરને લીધે તેના સાસરાએ પણ નિકા ન કરતાં તેને તેની માની પાસેજ રેહેવા દીધી હતી.

લડકી સોલે બરસકી, બડી ભઇ મ્હેતાબ;
છોડ ચલે દેશાવરાં, રોશનખાન નવાબ. ૭

તે મેહેતાબ જ્યારે સોળ વર્ષની મોટી-ઉમ્મર લાયક-થઈ, ત્યારે તેના પિતા નવાબ[1] રોશનખાંન

---

૧. " નવાબ " એ પાદશાહોના વઝીરોનીજ પદ્વી છે. તેમને બીજા દેશોમાં સૂબા-ગવર્નરો તરીકે અમલ કરવા મોકલતા. પછીથી મૂળસત્તા નરમ પડતાં તેઓ સ્વતંત્ર રાજા જેવા થઇ જતા.

તેને ઘેર મૂકીને પોતે ઇરાનના શાહના એલચી તરફે—(મિસર દેશમાં) પરદેશ ગયા.

મૅહલાંશિર મ્હેતાબં યોં, રહે સહેલીસંગ;
છકી જુવાની છાકમેં, રંગી બિરહુકે રંગ ! ૮

પિતાના જવા પછી એવી રીતે જવાનીના કેફમાં કિન્મત થયેલી અને ઉમ્મરની યોગ્યતાના તથા વિરહના રંગથી રંગાયેલી મેહતાબ પોતાના મેહેલો ઉપર હાસ્ય વિનોદમાં સખીઓ સાથે રેહેવા લાગી.

જવાહિરકી કટીમેખલા, ઉર જવાહિરકો હાર;
બેંદી બની જડાવકી, મોતિન લરજુત બાર. ૯

કેડ ઉપર જવાહિરની કટી મેખળા—કંદોરો, છાતી ઉપર ઉમદા જવાહિરનો અમૂલ્ય હાર, અર્ધ ચંદ્રના જેવા શુસોભિત—ગૌર કપાળમાં રત્ન જડીત ચાંદલો અને મોતીઓની શેરોવાળાં સુંદર કેશથી મેહેતાબ અધિક કાંતિયુક્ત દેખાવા લાગી—

અનવા ભૂષન ત્યોં અવર, પેંરકલી શિરતાર;
ખેલત સંગ સહેલિયાં, જામે રૂપ અપાર. ૧૦

તેમજ પગમાં બીજા સુંદર અણવટ અને નાજુક કલીઓ તથા માથામાં શિરતાર—(કલંગી)—શીશફૂલવડે શોભની મેહેતાબ, પોતાની અપાર ખુબ

સુરતીવાળી સાહેલીઓની સાથે ખેલતી-રમતી હતી.

નિરખત છબી મ્હેતાબકી, સબભાંખે સંસાર;
સુરાસુરનનર નાગમેં, ઐસી ન રાજકુમાર! ૧

મેહેતાબની અલૌકિક કાંતિ જોઇને દુનિયાંનાં
ગામ માણસો એમ કહે છે, કે એના જેવી ખૂબસૂર
દેવાંગના, અસુરાંગના, નાગકન્યા, કિંવા રાજકુમારી
પણ કોઇ નથી, અર્થાત્ તે સર્વોત્તમ સ્વરૂપા છે.

ચંદ્રાયણા.

સિંહકટી મૃગનેનકેં અંજન સારિયા,
કુચ દો કલી ગુલાબકેં તન બિચ તારિયા;
રંભ ખંભ સમ જંઘકેં બેની નાગ સી,
પરી ખરી મ્હેતાબ, સનેહી લાગસી! ૧

કેસરીસિંહના જેવી પાતળી કટી છે, જેણે હ
ણના બચ્ચાંના જેવી સુંદર આંખ્યોમાં ઝીણું કાજ
ળ સાર્યું છે, ગુલાબનાં ફૂલની કળીનાં જેવાં બે સ્ત
છાતીરૂપી આકાશમાં તારાની માફક ઝળકી રહ્યાં
આવળાં કહળી સ્થંભોના જેવી કોમળ જાંઘો, અ
કાળા નાગના જેવી સુંદર જેની વેણી છે, એવી
દરતી ખુબસૂરતીવાળી મેહેતાબ, પ્રેમાળ-પ્રીતિવ
જનોને ખરેખરી પરીના જેવી લાગે છે।

ધર લિલંબર પાટકે સારી પેરિયાં,
નદિયાં હાર શૃંગાર, ગગન બિચ ઘેરિયાં;
દાદુર મોર ચકોર, દમંકે દામની;
મન ઝંખી મ્હેતાબ, પિયાબિન કામની ! ૧૩

પૃથ્વિરૂપી સ્ત્રીએ લીલા તૃણુરૂપી વસ્ત્રની સાડી પહેરેલી છે, નદીઓ રૂપી–મોતીઓના–હાર ધારણ કર્યા છે, તે વખતે તેનો મેઘરૂપ પતિ તેને મળવા-માટે ગગનમંડળમાં ગર્જના કરી રહ્યો છે; મેઘના સખારૂપ દેડકાં, મોર, અને ચકોરો પ્રિય વાણી બોલે છે, અને વીજળીરૂપ દૂતી પોતાના ઝળકાટ વડે તેના મેઘરૂપ પતિનું આગમન સૂચવે છે ! આ મનોહર (કામને ઉદ્દીપન કરે તેવો) વર્ષાઋતુનો સમય જોઇને તેમજ પૃથ્વિરૂપ નાયકા અને મેઘરૂપ નાયકનો સમાગમ થતો જોઇને પતિવગરની મહેતાબ મનમાં ઉદાસ થાય છે. અને આ કુદરતી દંપતિનો મેળાપ જોઇને જાણે તેમની ઇર્ષ્યા કરતી ન હોય ! તેમ–

દોહરા.

દરપનમેં મુખ દેખકે,લેત નિસાસા બાલ;
‘બિના પુરૂષ કુન કામકો,જોબન રૂપ રસાલ?!’૧૪

મેહેતાબ આરિસામાં પોતાનું મોહું જોઇ નિસાસા નાંખે છે અને નિરાશ થતી કહે છે કે "પુરૂષ-નાયક-વગર આ રસવાળાં રૂપ અને જુવાની શા કામનાં છે?!"

મન શોચે મ્હેતાબ યોં, નેનાં ડારે નીર;
"કહો સખી! મેં કયા કરી? કરતાકી તકસીર!" ૧૫

એવી રીતે દિલમાં દિલગીર થતી અને આંખોમાંથી આંશુનું પાણી વહેરાવતી મેહેતાબ, પોતાની શાણી સાહેલીઓને પૂછે છે કે "હે! સખીઓ! તમે કહો કે વિધાતાની મેં શી તકસીર-ગુન્હો કર્યો છે? જે મને પતિથી બેનશીબ રાખી? અર્થાત્ પતિ ન આપ્યો!

અલી મિલી સબ યોં કહે, 'રાખો જીવ નિશંક;
લિખ્યા લિલાટ સુ પાઇયે, જો બિધનાકે અંક!' ૧૬

ત્યારે સર્વ સખિયો મળીને મેહેતાબને એમ કહે છે કે "તમારા જીવને નિશંક-નિશ્ચિંત-આનંદમાં રાખો; એ તો પૂર્વ કર્માનુસાર વિધાતાએ લલાટ (નશીબ) માં જે પ્રમાણે લેખ લખ્યા હોય છે, તે પ્રમાણે આપણે સંસારમાં સુખ દુઃખ મેળવીએ છીએ." એવી રીતે મેહેતાબ પોતાના બાપના મેહેલમાં રહે છે, તેવામાં-

સાહેબજાદા મોજદીન, ચઢી ચલ્યો ચોગાન;
મે'લાં રોશનખાનકે, આગે નિકસ્યો આન. ૧૭

એક દિવસ બાદશાહનો શાહજાદો મોજદીન-પોતાના પાણીદાર ઘોડાપર સવાર થઈને મેદાન તરફ ચાલ્યો જતો હતો, તે આ મહેતાબના પિતા રોશનખાન વઝીરના મહેલ પાસે-સહેજે-સ્વભાવિક રીતેજ આવી ચડયો. તે શાહજાદો આગળ વર્ણવ્યા પ્રમાણેઃ-

જેસા ખૂબ જવાન હે, તેસી સૂરત પાક!
સાહેબજાદે ખેંચિયા, અતિ ઊંચે એરાક. ૧૮

જેવો ખૂબસૂરત નવયુવાન હતો, તેવીજ તેની સૂરત (ખૂબસૂરતી) પણ ઘણી ઉત્તમ હતી. ઘોડા ઉપર ચઢેલો મોજદીન પોતાના પૂર દમામમાં જેવો મેહેતાબના મહેલ નીચે આવ્યો-તેવીજ તેની નજર પડતાં-તેણે પોતાના ઘોડાને લગામ અતિ જોરથી ઊંચી ખેંચીને ઉભો રાખ્યો. જે ઝરૂખે મોજદીનની દૃષ્ટિ પડી-

યાહિ ઝરોખે ઝાંખિયત, લે પરિયચકી ઓટ;
મોજદીન મ્હેતાબકી, લગી ચશ્મકી ચોટ! ૧૯

તેજ ઝરૂખામાં જોતાં ચકના-સહેજ-ઓથે રહેલી મેહેતાબને દીઠી કે-મોજદીન અને મેહેતાબ-બં-

તેની આંખોની ચોટ લાગી ગઇ ! અને દૃષ્ટિમાત્રથી બંનેની પ્રીતિનો દોર સંધાયો. ઘણીવાર સુધી બંને એક બીજાને જોતાં આંખની પલક માર્યાવગર જ-ડરૂપ થઇને ઊભાં રહ્યાં:-

બિચ કો દાસી ના પરી, મુખતેં કહ્યો ન બેન;
અંતર દોર સનેહકી,લગન લગે દો નેન ! ૨૦

તેમની પ્રીતિ કરાવવાને વચ્ચે કોઇ દાસી પડી નહિ, તેમ મોઢાથી કોઇએ વચન પણ કહ્યું નહિ. મોજદીન અને મેહેનાગના અંતઃકરણમાંથી ઉઠેલી સ્નેહની દોરી વડે તેમના બનેની પ્રીતિની ગાંઠ માત્ર ચાર આખો વડેજ લાગી ગઇ. પણ શાહજાદો પોતાના પિતાના માનિતા વઝીરનું ઘર સમજી લોક-લાજને લીધે પોતાનો ઘોડો દોડાવી (તે વખતે તો) ચાલતો થયો. તથાપિઃ—

લગી લગન લાગી સહી, મન દો આપહીં આપ
પ્રીત કિશી ઉન માણુસાં, દાસી કરત મિલાપ? ૨૧

અકસ્માત–એકાએક–લાગેલી પ્રીતિની ગાંઠ તે પોતાની મેળે ખરેખરી લાગીજ ! એટલે એકબીજાને પતિપત્નિ તરીકે પોતેજ પોતાની મેળે પસંદ કરી લીધાં. કવિ કહે છે, તે પ્રીતિ શા કામની છે? કે જે

સાહેલી વગેરે બીજાં માણસ સાંધે છે. ખરેખરી સત્ય અને નિર્મળ તથા જન્મપર્યંત રહેવાની પ્રીતિ તો તેજ છે કે જે સ્વભાવિક રીતે સ્વયં ઉત્પન્ન થયેલી—સ્વયંવરના જેવી (સ્વચ્છ) છે:-

"સુનહુ બાત સહેલિયાં!" કહે મ્હેતાબ બિચાર;
"બેદર્દી કયા જાન હે? દર્દીહીકા માર !!!" ૨૨

હવે મહેલમાં રહેલી મેહેતાબ પોતાની સાહેલીઓને પોતાનો વિચાર કહી સંભળાવે છે કે "આજે હું પ્રીતિના રસમાં ઘેરાઇને દર્દી થઇ, પરંતુ તમે સર્વે બેદર્દી—પ્રીતિના રસ વગરની છો, માટે મારા જેવી દર્દવાળીના દર્દના દુ:ખનો માર તમે શી રીતે જાણી શકો ?" વળી મેહેતાબ કહે છે કે-

"માર ભલી જમદાઢકી, તીર, સેલ, ખગધાર;
મતકો લગ્ગો મેરિયાં, મન આશકકી માર! ૨૩

હું સ્વાનુભવથી કહુંછું કે, ભયંકર જમની દાઢોનો માર સારો, તેમ તીર, બરછી અને તલવારની ધારનો માર પણ સારો છે; પરંતુ મનમાં આશકના ઇશ્કનો માર લાગે તે ઘણોજ દુ:ખદાયક છે. તેથી હું ચાહુંછું કે કોઇ પણ સ્ત્રીઓને એ આશકના ઇશ્કરૂપી માર લાગશોમા.—પરંતુ હવે-

"એસી કોન સહેલિયાં? જાને અકલ બિજોર;
પકડ લિયાવેં મે'લમેં, મેરે ચિતકો ચોર!" ૨૪

મારી સાહેલીઓમાં એવી કોઇ છે? કે જે બુદ્ધિના વિશેષ જોરથી જાણીને મારા ચિત્તના ચોરનાર (શાહજાદા) ને મારી પાસે પકડીને હાજર કરે?" એવો મેહેતાબનો સવાલ સાંભળીને તેની સર્વ સાહેલીઓ વિચાર કરી એક મત થઇને કહેછે કે:—

"એસી નૂરાં ઢઢ્ઢુની, જામેં બુદ્ધપ્રકાશ;
તેરે ચિતકે ચોરકોં, પકડ લિયાવે પાસ! ૨૫

"એવી તો નૂરાં ઢાઢણ છે; કે જેના અંતઃકરણમાં અથાગ બુદ્ધિનો પ્રકાશ છે, અને અમે સંપૂર્ણ ખાત્રી તથા હિંમતથી કહી શકીએ છીએ કે તે તારા ચિત્તના ચોરને તારી પાસે લઇ આવી હાજર કરશેજ!" સાહેલીઓનાં આવાં વચન સાંભળીને મહેતાબે તેજ વખત નૂરાં ઢાઢણને બોલાવીને કહ્યું કે—

"સુનએ! નૂરાં ઢઢ્ઢુની! તેરી લહોં બલાય!
જો તું મેરે મે'લમેં, મોજદીનકોં લ્યાય"! ૨૬

હે નૂરાંઢાઢણ! તારી બુદ્ધિ અને ચાલાકીની મેં બહુ તારીફ સાંભળી તો એક મોટું કામ ભ-

જાણવા માટે બોલાવી છે. તે એ કે જો તું મારા ચિત્તના ચોર (શાહજાદા મોજદ્દીન)ને મારા મેહેલમાં તેડી લાવે તો હું તારા ઉપરથી વારી જાઉં! એટલુંજ નહિ પણ હું તને પુષ્કળ નવાજેશ કરીને ઇનામ આપું!" મેહેતાબનાં આવાં પ્રીતિયુક્ત વચન સાંભળીને નૂરાં કહે છે કેઃ—

"તો મેં તેરી ઢઢ્ઢુની, સુન મ્હેતાબ સુ કત્થ;
પકડ લિયાવેં મે'લમેં, મોજદ્દીનકો હત્થ!"૨૭

"હે! મેહેતાબ! તું મારૂ વચન સાંભળ કે-જો હું મોજદ્દીનનો હાથ પકડીને તારા મેહેલમાં તેડી લાવું, તોજ તારી ખરેખરી ઢાઢણ દાસીછું, એમ સમજજે. અર્થાત્ મોજદ્દીનને તેડી લાવવાની હું પ્રતિજ્ઞા કરૂંછું." એમ કહીને નૂરાં પોતે ઝડપેલા બીડાને પાર પાડવા માટે ચાલતી થઇ. અને—

ખાસ ખેલકે મ્હેલમેં, મોજદ્દીન આરામ;
દેખી બખત ઇકાંતકો, ઢઢીની કરી સલામ! ૨૮

મોજદ્દીનના એક સુંદર બગીચામાં જ્યાં તેનો ખાસ-મોજશોખ મેળવવાનો મેહેલ હતો, ત્યાં જઇ એકાંતનો વખત જોઇને આ ઢાઢણીએ શાહજાદાને સલામ કરીને (પોતાના કુળનો ગાયનનો ધંધો છે તે

પ્રમાણે તેણે યંત્ર (વીણા) વગાડવા માંડયું, તેમાં જ્યારે મોજદ્દીન બરાબર મુસ્તાક થયો, ત્યારે નૂરાંએ—

યંત્ર બજાઇ તંત્રસેં, મોંજદીન સમુઝાય;
"રોશનખાન બઝીરકી, બેટી તુમે બુલાય!" ૨૯

યુક્તિથી વીણા વગાડીને તેમાં સમજાવ્યું કે—"તમે! તમારી મનહર મૂર્તિનાં દર્શન કરાવી જેને મોહિત કરી ગયા છો! તે–રોશનખાન વઝીરની પુત્રી (મેહેતાબ) તમને બોલાવે છે!" આ કાનને અતિ કોમળ અને પ્રિય લાગે એવું વીણાનું ગાયન સાંભળીને જેના ચિત્તમાં મેહેતાબજ વસી રહેલી છો એવો મોજદ્દીન બહુ ખુશી થયો; અને ઢાઢણસાથે મેહેતાબના મહેલમાં જવા માટે વચનથી બંધાયો:—

સાહેબજાદા રાતકોં, ઘર ઢઢનીકે આય;
મિલકે પંચ સહેલિયાં, મે'લુંમેં પહુચાય. ૩૦

તે પ્રમાણે રાતને વખતે તે નૂરાં ઢાઢણને ઘેર ગયો. ત્યાંથી કરીરાખેલા સંકેત અને યુક્તિ પ્રમાણે–પાંચ સાહેલીઓ મળીને તદબીરથી મોજદ્દીનને મેહેતાબના મહેલમાં પહોંચાડવામાટે લઇ ગઇ, ત્યાં દેવડીમાંથીજતાં—

અંધા દોઢીબાન હે, બોલા બેન અસાય;
"સબ મેરીકે બીચમેં, મરદ ઉઠાવત પાય!" ૩૧

ત્યાં બેઠેલા એક આંધળા દરવાને એવું વચન કહ્યું કે "સઘળી સ્ત્રીઓની વચ્ચે એક પુરૂષ પગ ઉપાડે છે!" અંધાની આ બેહદ શક્તિ અને ચાલાકી જોઇને બધી સાહેલીઓ ઘણી નવાઇ પામી, પણ તે અણીના વખતે તેમણે સમયસૂચકતા વાપરીને—

સુઠ્ઠીભર મ્હોરાં દઇ, અંધા ખુશી રખાય;
સખીયાં સબ મ્હેતાબકોં, મોજદ્દીન મિલવાય. ૩૨

તે આંધળાને એક મૂઠી ભરીને સોનાના સિક્કા આપી તેને ખુશી રાખીને સર્વ સખીઓએ આ પ્રમાણે ગળીને યુક્તિથી મેહેતાબને મોજદ્દીન મેળવી આપ્યો. પરંતુ આ સર્વ વાત તદ્દન ગુપ્તજ હતી.

જાનત પંચ સહેલિયાં, ભીતરકૂકો ભેદ;
મોજદ્દીન મ્હેતાબકી, આઠો પો'ર ઉમેદ! ૩૩

માત્ર મેહેતાબની પાંચ સાહેલીઓજ આ અંદરનો ભેદ તેમ મોજદ્દીન અને મેહેતાબની આઠે પહોર (રાત્રિ દિવસ) ની સતત મોજશોખ અને પ્રીતિના આનંદની ઉમેદને જાણતી હતી, તે સિવાય બીજું કોઇ મનુષ્ય જાણતું નહોતું.

રાગ રંગમેં સરસહેં, રમ રહેં ભોગ વિલાસ;
મોજદ્દીન મ્હેતાબકી, ચલી સનેહસુવાસ! ૩૪

એની રીતે કેટલાક વખત સુધી રાગરંગ અને એશ ભોગ વિલાસ કરતાં અંતે મોજદ્દીન અને મેહતાબની પ્રીતિની તારીફ શેહેરમાં થોડે થોડે ચાલવા લાગી અને કેટલાક માણસો તે વાતથી જ્યારે વાકેફ થયા, ત્યાર પછી—

ચલી બાત સબ શહરમેં, ખુદાદ્દીનકે કાન;
સાહેબજાદે ભંજિયા, બડે ઘરૂકા માન ! ૩૫

આખા શહેરમાં એજ વાતની ચર્ચા ચાલી,—ત્યાંથી અમીર ઉમરાવોને ખબર પડતાં તે વાત—શાહ ખુદાદ્દીનના કાન સુધી પણ પહોંચી. ત્યારે બાદશાહે વિચાર્યું કે "શાહજાદો હવે એકદમ ફાટી ગયો છે, જેથી તેણે મારા-માનકારી—મોટા માણસોના ઘરોનું માન પણ તોડયું !" આવા વિચારથી તેણે ગુસ્સે થઇને—

દિયા નિકાલી દેશતેં, મોજદ્દીનકોં શાહ;
સાહેબજાદે ગ્રહ લિયા, રોમ શહરકા રાહ. ૩૬

ખુદાદ્દીન શાહે મોજદ્દીનને—કરવા ધારેલી દેહાંતની શિક્ષા અમીરોના કહેવાથી માફ કરીને—પોતાના દેશમાંથી કાઢી મૂકયો. પોતાના પિતાનો હુકમ શિરતાજ કરી તત્કાળ મોજદ્દીને રૉમ શહેરનો રસ્તો લીધો—અર્થાત્ તે રૉમ જવા માટે રવાને થયો. કે-

ટલેક દિવસે મુસાફરી કરતાં તે ત્યાં જઇ પહોંચ્યો, ને તજવીજ કરી તો ત્યાં રોગીના—

આપ પાદશા' તખતપર, શા'અહમદ સુલતાન;
મહમદખાન બઝીરહૂ, મિલ પાયે સન્માન. ૩૭

તખત ઉપર અહમદશાહ નામે સુલતાન પોતે રાજ્ય ચલાવતો હતો; તેના મહમદખાન નામે-ઘણા બુદ્ધિશાળી ને દૂરદર્શી-વઝીરને મોજદ્દીન મળીને સન્માન પામ્યો. મતલબ કે તેને ઇરાનના શાહનો શાહજાદો જાણીને મહમદખાને ઘણું માન આપ્યું. એટલુંજ નહિ પણ બાદશાહ પાસે તેડી જઇને તેની ઓળખાણ કરાવી; ત્યાં મોજદ્દીનની ખૂબસુરતી, બુદ્ધિ ઇત્યાદિ જોઇને પાદશાહે તેનાપર ખુશી થઇને:—

મનસબ દીના દેશકા, શહર હવેલી દીન;
મોજદ્દીનકા પાદશા', બડા બધારા કીન. ૩૮

પોતાના દેશના મોટા લશ્કરી સરદારની જગા તેને આપી. તેમજ રહેવા માટે શેહેરમાં એક મોટી સુંદર હવેલી આપી. એવી રીતે અહમદશાહ સુલતાને મોજદ્દીનને શ્રેષ્ટ કુળનો, બુદ્ધિમાન અને રાજ્યવંશી પુરૂષ જાણીને તેનો ઘણો માનમરતબો વધાર્યો. તેમ મોજદ્દીને પણ મેહેતાબની એક રંગી-સત્ય-પ્રીતિનો

રસ ચાખવાથી આગળની સર્વ ઉન્મતાઇ તો પ્રથમ-જ છોડી દીધી હતી. પણ હાલ અહીં તેથી પણ વધારે સદ્વર્તનથી વર્તીને તે પાદશાહ અને રૈયતને પ્રીતિપાત્ર થયો.

સાહેબ શહર ઇરાનસેં, ગયા દેશાવર જોર;
તા પીછે મ્હેતાબકોં, ભયા અંધેરાઘોર[1] ૩૯

અહીં શહેરે ઇરાનમાં, શાહજાદો મોજદ્દીન જ્યા-રથી વિદેશ ગયો ત્યારથી પાછળ મેહેતાબના મનથી-સૂરજ ચંદ્ર અને અગ્નિની પુષ્કળ જ્યોતિ છતાં પણ અં-ધારૂં ઘોર થઇ રહ્યું. અર્થાત તેને કંઇ સૂઝ પડતી નથી,–તે આંધળીને બાવરી જેવી થઇ રહી છે. તેમ જે દિવસથી મોજદ્દીન ગયો છે, તે દિવસથી તેણે-

કેસર, ચંદન, કુમકુમા, સોંધ ગુલાબ સુવાસ;
તજ દીના મે'તાબને, હાંસી ખેલ હુલાસ.૪૦

કેસર, (મલય પર્વતમાં ઉત્પન્ન થનારૂં શીતળ) ચંદન, પડોપાંદડી, કંકુ અને ગુલાબ વગેરે તમામ

---

૧ એક પ્રતમાં દોહરાનો પાઠ નીચે મુજબ છે:—

"સાહેબજાદા રોમકોં, ગયા દેશાવર સે'લ;
તા પીછે મ્હેતાબકોં ભયા અંધેરા મે'લ."

સુગંધી વસ્તુઓ, તેમજ હાસ્યવિલાસનાં સુખોને મેહે-
તાબે છોડી દીધાં. તેમ વળી—

ખાનપાન સબ છંડિયા, રાત દિવસકો રોન;
સખીકહેમ્હેતાબકો,"તુજેભયાદુખકોન?"૪૧

ખાવા પીવાનું સર્વે છોડીને રાત્રી દીવસ-પ્રીતમની પ્રીતિને સંભારી સંભારીને-રોયાજ કરે છે. કોઇની વાત સાંભળતી નથી, કોઇને કંઇ કહેતી નથી, કોઇનાપર હુકમ કરતી નથી.—એવી મેહેતાબની દુઃખી સ્થિતિ જોઇને-સખીઓ અતિ દીલગીર થઇને તેને પૂછે કે છે "હે શાણી અને વ્હાલી મેહેતાબ! તને શું દુઃખ થયું છે?" ત્યારે મેહેતાબ કહે છે કેઃ—

"અલી અભાગિનિ મેં ભઇ,નાગિનિ ડસીન મોય;
સોહૅબજાદા મોજદ્દીન, દેશ નિકાલા સોય. ૪૨

"હે! પ્રિય સખીઓ! હુંજ હતભાગ્ય થઇ, અને નાગણી કરડી નહિ કે, જેથી મારી જિંદગીનો તુરત અંત આવત! અરે! મેંજ મોજદ્દીન જેવા-રાજ્યના હકદાર-શાહજાદાને વિના કારણે દેશપાર કરાવ્યો. અર્થાત્ તેને આ રાજ્યભવનોનું સુખ છો-

ડાવી દેશનિકાલ કરાવવાને હુંજ અભાગિણી કારણભૂત થઇ! વળી હે સખી! તેની સાથેઃ—

સુખ લેનેકાં હે! સખી! મેંને કિયો સનેહ;
સેજપિયાસુખનાલિયો,દુખઉપજયોયહદેહ.૪૩*

સુખ લેવા માટે મેં સ્નેહ કર્યો, પણ વિધાતાએ મારા નસીબમાં સુખ ભોગવવાનું સર્જ્યુંજ નથી તેથી તે પ્રિય પતિની સાથે સંયોગસુખ તો લીધું નહિ, પણ ઉલટું વધારે વિયોગથી દુઃખ ઉપજ્યું.

સુખ લેનેકાં મેં સખી! કેસો કરૂં ઉપાય?
સાહેબ શહર ઇરાનસેં, બેશરોમકોં જાય.''૪૪

અને તે મારો પ્રિયપતિ આ હીનભાગ્ય ઇરાનને છોડીને સદભાગ્યવાળા રોમ શેહેરમાં ગયા, ત્યારે હવે તે પતિનું સુખ ભોગવવાને હું શો ઉપાય કરૂં?''

ચંદ્રાયણા.

કહે મ્હેતાબ ''સુજાન! સખી! સુન બત્તિયાં,
ભીતર ભયા કઠોર, ફુટે નહિ છત્તિયાં;
સાહેબજાદા નૂર, ખુશાલી લે ગયા,
બદનામી દિલદાર, ફકીરી દે ગયા!!! ૪૫

---

* આ દોહરો એક પ્રતમાં સમૂળગો છેજ નહિ.

વળી મહેતાબ કહે છે કે "હે પ્યારી સખી! તું મારી વાત સાંભળ કે મારૂં આ નઠોર અંતઃકરણ કેવું કઠોર થઇ બેઠું છે કે, મોજદીન જેવા દેશના ખાવિંદ સમાન–ખાવિંદ(પતિ)ને દેશનિકાલ કરાવ્યો તથાપિ હજુ પણ તે ફાટી જતું નથી! હે બે'ન! મારૂં તેજ–રૂપ અને ખુશાલી તો શાહજાદો પોતાની સાથે લઇ ગયો, અને તે દિલદાર, મને તેના બદલામાં બદનામી તથા ફકીરી આપી ગયો! વળી–

સુખ લેનેકોં પ્રીત, કરી ઉન પીયસોં,
પ્રીત ભઇ બિપરીત, જાંઉગી જીયસોં;
સાહેબજાદા દેશ–નિકાલા શાહને,
મુજે દઇ બદનામ, સખી! દો રાહને!" ૪૬

મેં સુખ લેવા માટે તે પ્રિયતમ સાથે પ્રીતિ કરી, પણ તે પ્રીતિ તો–વિપરીત–અવળી થઇ. અને તેથીજ–તે પ્રીતિના દર્દમાંજ હું જીવથી જઇશ, અર્થાત્ શાહજાદો મને મળશે નહિ તો, હું આગ ઝુરી-ઝુરીને મરણ પામીશ. અરે બે'ન! હું મરણ પામીશ, તેની મને કંઇ દિલગીરી નથી, પણ મારા માટે પાદશાહે શાહજાદાને દેશનિકાલ કરીને આ, અને પરલોકના બંને માર્ગમાં મને બદનામી આપી!

એજ મારા દિલગીરી છે." ત્યારે સખી દિલાસો આપતાં કહે છે કે:—

દોહરા.

"બદનામી ડરિયેં નહિં,કરિયેં જબેં સનેહ;
સેજ પિયા સુખ લીજિયેં,દુખ નાં દીજેં દેહ.૪૭

"હે ! મેહેતાબ ! જ્યારે પ્રીતિ કરવી ત્યારે બદનામીથી બીવું નહિં; પણ ગમે તે રીતે તે પ્રિયતમ સાથે સંયોગસુખ લેવું; અને દેહને કષ્ટ દેવું નહિં." "બદનામીથી ડરવું નહિ." આ સખીનું કહેવું મહેતાબને ગેરવાજબી લાગવાથી તે બોલી કે—

"બદનામી શિર મેરિયાં,ચઢી સો ઉતરે નાંહિ;
તાંતે બુરો ન માનિયેં,મરબેકો મનમાંહિ."૪૮

"અરે દિવાની ! સ્ત્રીઓને માથે ચડેલી બદનામી ક્યારે પણ ઉતરતી નથી.—મને જોઇને સર્વે એમ કહેશે કે "આ સ્ત્રીએ શાહજાદા મોજદીનને દેશપાર કરાવ્યો !" અરે ! એવી બદનામીભરેલી જિંદગી કરતાં મરવાનું ખરાબ છે, એમ હું મારા મનથી બિલકુલ માનતી નથી. અર્થાત્ મરણને તે કરતાં સો દરજ્જે સારૂં ગણી તેનેજ ચાહું છું.—

ચાખન ચાહિયે પ્રેમરસ, રાખન ચાહિયે શીશ;
એ દોનું મો ભાલમેં, ના બકશે જગદીશ.!!૪૯

મરવાનું જેણે નક્કી કરેલું છું, એવી મેહેતાબે એક ઉંડો નિશ્વાસ નાંખીને વળી કહ્યું કે "અહા! પ્રીતિના રસને ચાખવાની ચાહના, અને માથું (જિંદગી) કાયમ રાખવાની ઇચ્છા, એ બંને વસ્તુઓ એકત્ર-સાથે-મારા નશીબમાં ઇશ્વરે લખી આપી નથી! તેથી મારા જેવી બીજી અભાગિણી દુનિયામાં કોણ હોય"? વળી વિચાર કરીને મોજદીનને મળવાની આશાથી મેહેતાબ કહે છે કે—

દેશ પડે દો બીચમેં, સુનો સયાની લોય!
આલી! દોર સનેહકી, કેતી લંબી હોય?" ૫૦

"હે શાણી સખીઓ! મારી અને મોજદીનની વચ્ચે બે દેશનું અંતર છે—એટલે દૂર જવા છતાં પણ શું મોજદીન મારાપર આગળ પ્રમાણે સ્નેહ રાખતો હશે?— તમે મને કહો કે પ્રીતિનો દોરો તે કેટલીક લાંબી થતો હશે?—શું હું તેને બોલાવું તો તે મારી પાસે આવે?" આ સાંભળીને સખીઓ તેને સમજાવે છે કે—

"તાણેસેં તૂટે નહિં, ખેંચ લિયા કિત જાય?
ગુંડિ ઉડિ અશમાનમેં, અપને કરમેં આય" ૫૧

"હે ! મેહેતાબ ! જેમ આકાશમાં ચઢાવેલી પડા-ઇ (પતંગ) ની દોરી તાણતાં તૂટે નહિં—એવી મજબુત હોય તો ખેંચી લેતાં તે પડાઇ ક્યાં જવાની છે ? એટલે કે તે જેમ આપણા હાથમાંજ આવેછે; તેમ તમારા બંનેની પ્રેમ રૂપી દોરી મજબૂત હશે, તો તારા ખેંચાણથી તણાયલો મોજદ્દીન તારી પાસે આવશેજ."

શીખ સુની સખિયાનકી, ઉપજયો પ્રેમ વિશેષ;
"આતુર દૂત પઠાઇયે, રોમશામકે દેશ." પર

એવી સખીઓની સપ્રમાણ શીખામણ સાંભળી-ને મેહેતાબને વધારે પ્રેમ ઉત્પન્ન થયો, તેથી તે બોલી કે "ત્યારે હમણાંજ તાકીદે આપણે રોમશામના દેશ તરફ દૂત મોકલીએ." એમ કહીને તેજ વખત રોમ જવા માટે એક ઘણોજ ઉત્તમ સાંઢણીસવાર—દૂત તૈ-યાર કર્યો, અને તેની સાથે—

લીખ ભેજા મ્હેતાબને, મોજદ્દીનકે પાસ;
"મેં રાખું શિરઉપરે, તેરે જિયકી આશ. પ૩

નીચે પ્રમાણે મોજદ્દીન ઉપરનો કાગળ લખીને મેહેતાબે તેને આપ્યો—"હે ! મારા વહાલા પતિ ! તું કોઇ પણ પ્રકારનો ખારતો રાખ્યા વગર અહીં આવ,

માગ માથાને સાટે હું તારા જીવનની આશા રાખું છું; અર્થાત્ મારૂં માથું જશે તે બેહેતર છે, પરંતુ તને હું ઊની આંચ આવવા નહિ દઊં.—

મેં તુજ બાંદી સાહિબા ! તું મેરા સરદાર;
અનલ પંખિકે અંડજ્યોં, નાં તજિંહાં નિરધાર. ૫૪

હે સાહેબ ! હું તારી–ખરીદેલી–ગુલામડી છું, અને તું મારો સરદાર છે, અનળપક્ષી[1] જેમ પોતાનાં ઈંડાં મરણપર્યંત એક ઘડી પણ વીલાં મૂકતું નથી; તેમ હું પણ તને એક ઘડીવાર અળગો કરીશ નહિ.

પ્રીત કરી તુમસોં હમેં, બાલાપનમેં બેશ;
હજરત ! ઐસી નાં ઘટે, તજકે ગયે વિદેશ. ૫૫

હે ! હજરત ! મેં તમારી સાથે બાળપણથી શ્રેષ્ઠ, સત્ય અને નિર્મળ પ્રીતિ કરી, ત્યારે તમને હવે આવું કરવું યોગ્ય નથી, કે મને એકલી મૂકીને તમે વિદે·

---

૧ એ પક્ષી આકાશમાં ઉડે છે ત્યારે પણ પોતાનાં ઇંડાંપરથી નજર ચૂકવતું નથી, જેમ બીજા પક્ષીઓ ઉપર બેસીને ઇંડાં સેવે છે, તેમ એ પક્ષી માત્ર નજરથી પોતાનાં ઇંડાં સેવે છે.

શમાં ચાલ્યા ગયા ! માટે આ પત્ર વાંચીને તેજ વખત—

તર અત્તર પોશાક કર, કર સંત્તરપર જેન;
સાહિબ ! બેગ પધારિયેં, નવરોજેકી રેન. ૫૬

તમારી હમેશની ટેવ પ્રમાણે—અત્તરથી પોષાક તર કરી, ઊંટપર જીન કરાવીને હે! સાહેબ! નવ-રોજ—શુક્રવારની રાત્રીએ પધારજો.

જો તુમ કલ ના આવગે, તો મેં તજોં શરીર;
સાહિબકી દરગાહમેં, હોંઉગિ દાવનગીર! ૫૭

હે પ્રિયપતિ! તમે કાલે નહિ આવી પહોંચો, તો હું દેહ ત્યાગ કરીશ; તેની તમને સ્ત્રીહત્યા લાગશે, એટલુંજ નહિ પણ વળી—ઇશ્વરની પવિત્ર ઇનસાફની દલગાહમાં હું તમારાથી મારો દાવો બાંધીશ. અર્થાત્ તમે જે મને પ્રીતિ—પાસમાં બાંધીને દુઃખી કરી છે, તેનો જ-વાબ હું ત્યાં પરમેશ્વરપાસે પણ લઇશ. કેમકેઃ—

આગું મોહ લગાયકે, બહુર તજી તુમ મોય!
સાહિબકે દરબારમેં, ગુન્હેગાર તુમ હોય! ૫૮

પ્રથમ તમે મને પ્રીતિની મોહિની લગાડીને પછી તજી દીધીછે, તેથી ઇશ્વરની ઇન્સાફની દરગાહમાં

તમે ગુન્હેગાર થઇ ચૂકયા છો,-કેમકે જેનાથી પ્રીતિ કરી, તે માણુસ આપણાથી નિષ્કપટ ભાવથી વર્ત્તતો હોય, તેમ છતાં તેની પ્રીતિને તોડી નાંખવી; એ પવિત્ર ફરમાનથી વિરૂદ્ધ છે. વળી:—

જોબન મેરા લૂંટકે, બહુરિ તજોગે આપ;

સાહિબ ઘર જબ આવગે, હૈ અપના ઇન્સાફ! ૫૯

પ્રથમ તમે મારી જવાની-રૂપી બગીચાને લૂ ટીને હવે તેને તજી દેશો તો-હું તો હમણાંજ અલ્લાહની દરગાહ તરફ રવાની થઇશ, પણ-આપ જ્યારે ત્યાં આવશો ત્યારે તે સાહેબને ઘેર આપણો અદલ-ઇનસાફ થશે. માટે ઉપલી સર્વ બાબત વાંચીને જેમ બને તેમ તાકીદથી અહીં આવજો." આ પત્ર જ્યારે મોજદીનને પહોંચ્યો; ત્યારે—

મોજદ્દીન ખત બાંચકે, સત્ર લિયા મઁગવાય;

તીન પૌ'રકી રેનમે, કોશ તીન સો આય. ૬૦

મોજદ્દીને તે પત્ર વાંચ્યો કે-તેને એટલી બધી મેહેતાબની પ્રીતિની નવેસરથી અસર થઇ કે-તેજ વખત એક પવનવેગી ત્રણ પહોરની અંદર ત્રણસો ગાઉ ચાલનારો ઉતમમાં ઉતમ સુલતાનની સવારી-

નો ઊંટ મંગાવી લીધો, તે ઊંટ તમામ કિંમતી સાં-
જથી શણગારેલો હતોઃ—

ગજ મોતિનકે[1] ગોવહેં, જડિયા જેન જડાવ;
સત્ર સુ ચઢિયા મોજદ્દીન, પંખિરાવકે દાવ. ૬૧

જેને ગજમુક્તાના ગોરબંધ બાંધેલા હતા, અને
જેનું કાંઠું રત્નોથી જડેલું હતું એવા–સોનેરી સાજ-
વાળા–ઊંટપર સવાર થઈને ગરૂડના જેવી ગતિથી
મોજદ્દીન ઇરાન તરફ રવાને થયો—

આન લગાયા પીઠસેં, આબદાર લિય આબ;
આયા શહર ઇરાનમેં, મોજ મિલન મ્હેતાબ. ૬૨

એ અતિ ઊંચા પાણીદાર ઊંટે મોજદ્દીનને પો-
તાની પીઠપર લીધો, ત્યારે તેને એમ લાગ્યું, કે 'મે-
હેતાબથી મોજમજાહ મેળવવામાટે હું શેહેરે ઇરા-
નમાં થોડી ઘડીમાં પહોંચી જઇશ.' એવા વિચારના
તરંગ ઉઠાવતો મોજદ્દીન—

---

૧. જેમ શીપમાંથી ઉમદા મોતી નીકળે છે, તેમ હાથી-
ના કુંભસ્થળમાંથી પણ ઘણાં શ્રેષ્ઠ મોતી નીકળે છે, તેને
'ગજમુક્તા' કહે છે; એમ ઘણા જૂના ગ્રંથોમાં લખેલું છે.

આયા શાહર ઇરાનમેં, વે ઢઢનીકે ગેહ;
ઢઢની જાય મ્હેતાબકોં, દોર બધાઈ દેહ. ૬૩

શેહેરે ઇરાનમાં તે–નૂરાં–ઢાઢણને ઘેર જઇ પહોંચ્યો.–તેણે તેની આગતા સ્વાગતા કરીને–એકદમ દોડી જઇને મેહેતાબને વધામણી દીધી. આ વધામણી સાંભળતાંજ જાણે કોઇ મૃતક દેહ ઉપર અમૃત રેડતાં તે સજીવન થયું હોય, તેમ મેહેતાબ એકદમ આનંદથી ઊભી થઇ. અને—

આયા સુના મ્હેતાબને, સાહિબજાદા યાર;
ઢઢનિકું દિયો બધાઇમેં, ગજમોતનકો હાર. ૬૪

"પોતાનો પ્રિયતમ શાહજાદો–મોજદ્દીન–આવ્યો" એ શબ્દો નૂરાંના મોઢામાંથી સાંભળતાંજ, મેહેતાબે પોતાના ગળામાં પહેરેલો ગજમુકતાનો હાર ઉતારીને વધામણી તરીકે તેની કોટમાં પહેરાવી દીધો. અને તેજ વખત મોજદ્દીનને માટે ખાનાપાનાદિકની સર્વ તૈયારીઓ કરવાનો હુકમ આપીને,—

ભેજી પંચ સહેલિયાં, દોઢીમેં બુલવાય;
કિયો નિછાવર મોતિયાં, અંદર લિયો બધાય. ૬૫

પોતાની વિશ્વાસુ પાંચ સાહેલીઓને મોકલી મોજદીનને મહેલમાં બોલાવીને, મોતીઓથી વધાવી અંદર લીધો. તે વખતે મેહેતાબ જાણે નવા, અલૌકિક અને ઇચ્છિત અવતાર પામી હોય! તેમ આનંદમય દેખાવા લાગી. કેટલાક વખત સુધી આંખો રૂપી પ્યાલાથી પ્રેમરસ રૂપી મદ્ય પીધા પછી મેહેતાબે કહ્યું કે—

"ધન! આજૂકા દીહરા, ધન! આજુકી રેન!
ઔાત દિનોંસે દેખિયા, સાહિબજાદા નેન! ૯૬

"આજના દિવસને ધન્ય છે! તેમ આજની રાત્રીને પણ ધન્ય છે! કે જ્યારે ઘણે કાળે હું આપ! સાહેબજાદાને મારી આંખોવડે ફરીવાર જોઇને ભાગ્યશાળી થઇ! ખરેખર આપનાં દર્શનથીજ હું આજ આ સંસારમા છું, એમ મને ભાન થાય છે. જો થોડા દિવસની પણ આપે ઢીલ કરી હોત તો આપણો મેળાપ થવો અશક્ય હતો. કેમકે હું વહેલીજ અલ્લાહની દરગાહમાં પહોંચી ગઇ હોત.

સાહિબ! તેરે નામપર, મેં બારી લખ બેર!
સાસ ઉસાસ ન ભૂલહોં, સૂરત બેર અબેર." ૯૭

હે! પ્રિયતમ! હું તારા નામપરથી એક લાખવાર વારી જાઉ છું—કુરબાન છું! તારી ખુબસૂરત—સૂરતને વખત કવખતે કે શ્વાસોશ્વાસ લેતાં પણ નહિજ ભૂલું." એમ પ્રેમની વાતો કરતાં કેટલાક દિવસો વીતી ગયા.

રતિ રૂપ સી ભારજા, કામદેવ સો કંત;
મોજદ્દીન મ્હેતાબકે, ફૂલે ફૂલ વસંત! ૬૮

રતિના સ્વરૂપ જેવી મેહેતાબ પત્નિ અને કામદેવના જેવો મોજદ્દીન કંથ—પતિ, તેમનાં પ્રીતિરૂપ પુષ્પો વસંતઋતુની પેઠે ખીલી રહ્યાં.

"લગી લગન ટૂટે નહિં, જો તુમ બસો બિદેશ;
સાહિબ!શહર ઇરાનમેં,આવત જાત હમેશ."૬૯

એક દિવસ મોજદ્દીને રોમ જવામાટે ઇચ્છા કરી, ત્યારે મેહેતાબે કહ્યુ કે—" તમે ચાહે તો વિદેશ જાઓ, તથાપિ આપણી જે પ્રીતિ લાગી છે તે તૂટવાના નથી. તે માટે હે સાહેબ! તમે ત્યાંથી આવી ફરીને સાંઢણીવડે શેહેરે ઇરાનમાં હમેશાં આવતા જતા રહો, તો હું આશાવડે આનંદથી દિવસ ગાળીશ. તે વાત મોજદ્દીને કબૂલ કરી.

જેસેં ફૂલ કુમોદિનિ, ચંદા દેખ ઘેરાય;
તેસે મન મ્હેતાબકે, મોજદ્દીન મનભાય. ૭૦

જાવાને વખતે—જેમ પોયણીનું ફૂલ ચદ્રમાને જોઇ, તેનીજ સામે જાણે સજીવન હોઇને જોતું હોય, તેમ પ્રફૂલ્લિત થઇ રહેછે, તેવી રીતે પોતાના મનભાવ્યા પતિને જોઇને મેહેતાબ તટસ્થ થઇ રહી, અને પતિના જવાથી અતિશય દુખિત થવા લાગી. પરંતુ તે દુઃખ થોડા દિવસ માટેનું છે, અને જ્યારે તે ઇચ્છા કરશે, ત્યારે બે ચાર દિવસે મળી જશે, એવી આશાથી સંતોષ પામીને કંઇ મન વાળતી હતી. તે દિવસ મોજદ્દીન ત્યાંથી રવાને થયો, અને પાછો ચોથા દિવસની રાતે ફરી આવ્યો.

કેતે બીતે દિવસ યોં, આવત જાત ઇરાન;
ભઈબાંત સબ શહરમેં, સુની જબે સુલતાન.૭૧

એવી રીતે શેહેરે ઇરાનમાં આવતાં જતાં કેટલાક દિવસો વીતી ગયા, ત્યારે—આગળ પ્રમાણે—સર્વ શેહેરમાં તેમની વાત પાછી થવા લાગી, અને એક કાનથી બીજે કાન જતાં, જ્યારે તે વાત શાહ ખુદાદીને સાંભળી ત્યારે ગુસ્સાથી તેની આંખો લાલચોળ થઇ,

અને શાહજાદાપર અનહદ તિરસ્કાર ઉપજ્યો; તેથી—

કિયા હુકમ કુટવાલકેં, સુની બાત પતશાહ;
"શા'જાદેકેં પકાડયો, રોક અદબકી રાહ." ૭૨

પૂરેપૂરી—ખાત્રી લાયક—હકીકત સાંભળીને બાદશાહે કોટવાળને હુકમ ફરમાવ્યો કે "એ—લુચ્ચા—શાહજાદાને અદબથી રસ્તે રોકીને પકડી લેજો!" એવી રીતનો શાહનો સખ્ત હુકમ સાંભળીને એક પણ શબ્દ બોલ્યા વગર કોટવાળ—

કર કુર્નસ પતશાહકેં, લે ચોકી જંજાલ;
મ્હેલાં રોશનખાનકે, બેઠ ગયે કુટવાલ. ૭૩

પાદશાહને કુર્નસ (અતિ નમ્રતાથી નમન) કરીને—ઘણા કાબેલ—ચોકીબાન માણસો અને જંજીર લઇને રોશનખાન વઝીરના મહેલ આગલ તે બેસી ગયો. ત્યાર પછીને વારે હમેશના નિયમ પ્રમાણે સાહેલીઓ સાથે નૂરાંને ઘેર થઈને—

શા'જાદા ફિર આયહેં, જુમા રોજકી રાત,
નિકશત દોઢી ખાનકી, પકડ લિયા પરભાત. ૭૪

શાહજાદો મોજદીન ફરી શુક્રવારના દિવસની રા-

ત્રીએ—મેહેતાબના મહેલમાં આવ્યો,—તે વાતની પા-છળથી ખબર થતાં—વહાણામાં રોશનખાનના મહેલ-માંથી નિકળતાં કોટવાળે તેને પકડી લીધો. તથાપિ તેના સહેજ માનની ખાતર તેને જંજીર (બેડી-હસ-કલાં) થી કેદ ન કરતાં માત્ર ચોકી પહેરાની વચેઃ—

શા'જાદેકોં પકડકે, લે ગય શાહ હુઝૂર,
શા'માર ન ફરમાઇયો, કરિકે નજર કરૂર. ૭૫

શાહજાદાને કેદ કરીને શાહ—ખુદાદીનની હુઝૂરમાં લઇ ગયા.—બાદશાહે ગોજદ્દીન તરફ દષ્ટી પણ ન ક-રતાં માત્ર કોટવાળ પાસેથી વાસ્તવિક હકીક્ત સાંભ-ળીને—ક્રૂર દષ્ટિથી તેને જાનથી મારી નાંખવાનો હુ-કમ ફરમાવ્યો! આહીં એટલી હકીક્ત બન્યા પછી મેહેતાબના મહેલમાં તેની ખબર પહોંચી.

પકડા સુના મ્હેતાબને, સાહિબજાદા યાર;
માનો હસ્તિનિ મસ્ત જયોં, નિકસી ખોલ કમાર[1]

---

૧. એક પ્રતમાં આ દોહરાનો નીચે પ્રમાણે પાઠ છે તેમાં પારાના કલ્પિત કૂવાનું દૃષ્ટાંત છેઃ—

"સુની બાત મ્હેતાબને, ચલી ઇશ્કકે લાર;
માનો કૂંવા—અનંગ જ્યોં, નિકસી ખોલકમાર."

"મારો પ્રિતમ શાહજાદો કેદ પકડાયો !" એ સાંભળતાજ વઝીરજાદી મેહેતાબ મદોન્મત્ત હાથણીની પેઠે એકદમ–લાજ રૂપી–કમાડ ખોલીને બહાર નીકળી. જનાનખાનામાં રહેનારી મેહેતાબને આવી રીતે લે કલાજનો ત્યાગ કરતી સાંભળીને તેની માતાએ તેને પોતાની પાસે બોલાવીને સમજાવી:—

કહે માતા મ્હેતાબકોં, "રાખીજે કુલકાન;
અપના છિદ્ર ન કીજિયેં, ઝાહિર જગતહિ જાન."

મેહેતાબને તેની માતા કહે છે કે "હે ! શાણી પુત્રી ! આપણે આપણા કુળની (કહાણી) લાજ રાખવી જોઈએ. આપણું પોતાનુંજ કલંક પ્રસિદ્ધપણે જગતના જાણવામાં આવે, તેમ ન કરવું જોઇએ. હાલે તારે તારા પિતાની આબરૂની ખાતર, જેનાપર શાહ ખફા થયો છે, એવા શાહજાદાની પ્રીતિને છોડી ઘરમાં બેશી રહેવું યોગ્ય છે!"–ત્યારે મેહેતાએ કહ્યું કે:—

"લાજ તજી સબ લોગકી, પ્રાન તજું પલમાંય;
બાલ-સનેહી સાહિબો, મોપેં તજ્યો ન જાય!–૭૮

"હે વ્હાલી માતા ! મેં સર્વે લોકલાજ તો એ પ્રિયતમને માટે પ્રથમથીજ મૂકી છે, એટલુંજ નહિ

પણ જરૂર પડશે તો મારા પ્રાણ પણ હું એક પ-લકમાં છોડી દઇશ; પરંતુ એ મારો આગારનેહી આ-રિંદ મારાથી છોડી શકાશે નહિ. માટે હવે લોકોના બીતિ અને લાજની કશી જરૂર નથીઃ—

લોક લાજ કુન કામકી? પીય જીયકી આશ!"
આય ખડી મ્હેતાબ યોં, મોજદ્દીનકે પાસ!!!૭૯

મારે હવે લોકલાજ શા કામની છે?—કે જે વખને મારા વહાલા પ્રિયતમને સંકટ પડયું છે, ત્યારે મારે કોઇ વાતની આશા નથી—માત્ર તે પ્રિયતમના જીવનનીજ આશા છે!" એટલું બોલીને કોઇની પણ દરકાર રાખ્યા વગર એકદમ ખુલ્લે રસ્તેથી ચાલી રાજમહેલમાં આવીને પાદશાહ 'ખુદાદ્દીન'ની હુઝૂર મોજદ્દીનની પાસે આવીને બિલકુલ લોકોની શરમ રાખ્યા વગર ઉભી રહી! અને મોજદ્દીનને દેહાંતની શિક્ષા થયેલી સાંભળીને તેણે વજ્ર છાતીથી શાહને કહ્યું કે—

હજરત! એસી કયોં કરે? બડી ગજબકી બાત!
નાર પરાઈ કારને, ઘર—લડકેકી ઘાત!! ૮૦

"હે! હજરત! તું આવી મોટી જુલમની વાત

તાગ પોતાપરજ, શી રીતે ગુજારે છે? કે ગમે તે કુળમાં ઉત્પન્ન થયેલા બીજી કોઇ સ્ત્રીમાટે પોતાના પેટના દીકરાની હત્યા કરેછે”?!

પાદશાહ—“અદલપર બેઠેલા પાદશાહની ફરજ છે કે, દીકરો પણ ગુન્હેગાર હોય તો તેને ફાંસીને લાકડે લટકાવી દેવા જોઇએ.”

મેહેતાબ—“જો તમે ગુન્હેગારનેજ સજા કરતા હો તો આ મોજદીનને થયેલી સજા રદ છે. કેમકે—

ગુન્હેગાર સો મેરિયાં, મરદ ગુન્હા સો નાંય;
નેન પિયાદા ભેજકે, ઘર ભિતર બુલવાય! ૮૧

બધી જહાનમાં સ્ત્રીઓજ ગુન્હેગાર છે, પુરૂષ ગુન્હેગાર છેજ નહિ! કારણ કે (આંખોરૂપી પ્યાદા) સિપાઇ મોકલીને સ્ત્રીઓ મરદને પોતાના ઘરમાં બોલાવે છે:—નહિ તો પુરૂષની મગદૂર નથી કે કોઇ સ્ત્રીના ઘરમાં તેની મરજીવગર પ્રવેશ કરી શકે! તમે જોઇ જશો તો તમામ જગ્યાએ પ્રીતિ કરવામાં સ્ત્રીઓજ પહેલા કદમ કહાડે છે, એમ જણાશે. તેમજ મારા માટે પણ બન્યું છે. અને—

ગુન્હેગાર સો મેં ભઈ, મેને કિયો સનેહ;
હજરત! મોકોં મારિકે, રખ સાહિબકી દેહ!"૮૨

પ્રથમ મેંજ પ્રીતિ કરીને મોજદ્દીનને ફસાવ્યો છે ! તે કારણથી હુંજ પૂરેપૂરી ગુન્હેગાર-સજાને લાયક ઠરીશું ! માટે હે હજરત ! દુનિયાના પાદશાહ ! મારા ખાવિંદ મોજદ્દીનના શરીરને અમર રાખીને મને મારીનાંખ !" મેહેતાબની વાત સાંભળતાં બાદશાહને ખાત્રી થઇ કે આ કામમાં મોજદ્દીન કરતાં તે વધારે ગુન્હેગાર છે. તેથી કદાચ પાદશાહ "મારા બદલમાં મેહેતાબને મારવાનો હુકમ ફરમાવશે." એવી ધાસ્તીથી મોજદ્દીન વચ્ચેજ બોલી ઉઠયો કે—

"મેરીકોં કયા મારિયેં, જાકી અબલા જાત !
મારો મોયે મરદકોં, બડી બિગારી બાત!!"૮૩

"સ્ત્રી ગમે તેટલી ગુન્હેગાર હોય તથાપિ-સ્ત્રીને જાનથી મારવી નહિ, કેમકે તે તો બળ વગરની-અબળાજાતિ છે, તે હથિયાર ઉપાડી પોતાનો બચાવ કરી શકતી નથી, માટેજ ઇન્સાઅલ્લાએ મરદોને તેના બચાવ માટે ખાસ બનાવ્યા છે. તેજ કારણથી ઓરતજાતને જાનથી બેજાન કરવી નહિ, એવું પવિત્ર

ફરમાનોમાં કહ્યું છે. વળી સબળ પુરૂષ હીને અબળા સ્ત્રીજાતિને મારી નાંખવાનું ફરમાવે કે મારી નાંખે, એજ નામોશી ભરેલું છે! તે કારણથી જો સજા કરવી હોય તો મને મરદનેજ મારો! કે જે મેંજ સર્વ વાતનો બિગાડ કર્યો છે; તેથી હુંજ સજાવાર છું!!!" કેવો નિર્મળ અને અદ્દભુત પ્રેમ?! આ વખતે શાહ ખુદાઈનનું ન્યાય પરાયણ કઠણ હૃદય પણ પીગળ્યું! અને તે તેની આંખો વાટે બહાર આવ્યું!

દેખ ઇશક દિલ દોયકા, શા' કાજી બુલવાય;
"કહો કાજી! ઇન બાતકા, કીજે કોન ઉપાય?" ૮૪

આંસુવાળી આંખો સહિત આ બંને સ્ત્રી પુરૂષનો અજાયબ જેવો (ઇશ્ક) પ્રેમ જોઇને શાહને તેમાંથી કોને મારવું? તે સમજાયું નહિ; તેથી બંનેનો અદલ-ઇન્સાફ કરવા માટે કાજીને બોલાવ્યો— અને પ્રથમથી સર્વ હકીકત પાદશાહે પંડે કાજીને કહી સંભળાવીને પૂછયું કે "હે કાજી! હવે આ વાતનો શો ઉપાય કરવો તે બતાવો? યાને તેનો ઇન્સાફ કરો!" કાજીએ સર્વ હકીકત સાંભળી-સમજીને શાહને કહ્યું કે—

"જલકા ડૂબ્યા નિકસહિં, જો કહુ તારા હોય!
ડુબ્યા ઇશ્ક સમુદ્રકા, નિકસા સુનાં ન કોય!! ૮૫

"હે! ખુદાવિંદ! જો કોઇ શ્રેષ્ઠ તરનારો મળી આવે તો પાણીમાં ડૂબી ગયેલાને મહા મહેનતે બહાર કાઢી બચાવી શકે! પરંતુ પ્રીતિ–ઇશ્કરૂપ દરિયામાં ડૂબેલો દુનિયામાં કોઇ પાછો નીકળ્યો હોય, એમ મેં સાંભળ્યું નથી. માટે એ બાબતનો ઇન્સાફ કરવો, યાને તેમને કંઇ સજા ફરમાવી અટકાવવાં, એ વાત મારા મત પ્રમાણે તો ફોટક છે." ત્યારે પાદશાહે કહ્યું—

"તુમસેં બને સૌ કીજિયે', સુન કાજી!" કહેં શાહ;
"બિધબિધ ભેદ બિચારિકે, ચલો અદલકી રાહ."

જેનું અંતઃકરણ હમેશથી ન્યાય પરાયણ છે, એવો શાહ ખુદાદીન કાજીનું વચન સાંભળીને તેની વાત માન્ય કરવાયોગ્ય છે, એમ સમજ્યો; તથાપિ ન્યાય તો છોડવો નહિ, એમ વિચારીને બોલ્યો કે "હે કાજી! તમારા જૂદા જૂદા ન્યાયના ભેદોનો વિચાર કરીને–ન્યાયને રસ્તે ચાલીને તમારા સિદ્ધાંતપ્રમાણે મોજદીનને જે સજા થઇ શકતી હોય તે કરો!" ત્યારે

કાજીએ વિચાર કરીને ટુંકામાંજ મોજદ્દીનને પૂછ્યું કે-

"સાહિબજાદા ! કર લિયો, દો બાતનકો જવાબ;
કે તુમ છોડો તખ્તકો, કે મેરી મ્હેતાબ!" ૮૭

"હે શાહજાદા ! આપ એ વાતોનોજ માત્ર જવાબ આપો—એટલે આપનો ઇન્સાફ થઇ રહેશે. તે એ કે—જો આપ મેહેતાબને આપની ઓરત તરીકે કબૂલ રાખતા હો, તો આ ઇરાનના તખ્તનો દાવો છોડી દ્યો; અને જો તખ્તનો દાવો કાયમ રાખતા હો, તો એ ઓરત—મેહેતાબને છોડી દ્યો!" આ શબ્દો કાજીના મોઢામાંથી પડતાંજ સત્ય પ્રીત અને શ્રેષ્ઠ હિંમતવાળા શાહજાદા મોજદ્દીને કહ્યું કે-

"મનસબ છોડા રોમકા, છોડા તખ્ત ઇરાન !
મેરી શિર મ્હેતાબપર, કિયા મુલક કુરબાન!!! ૮૮

"હે ! કાજી ! હું માત્ર ઇરાનના તખ્તનો માલિક શાહજાદો છું એટલુંજ નહિ, પણ રૉમનો મનસફદાર (સેનાપતિ) છું, પરંતુ આ તમારા ઇન્સાફને તાબે થતાં, હું કહું છું કે—ઇરાનનું તખ્ત તેમજ રૉમની મનસબી પણ મેં આજથી છોડી !—અરે! એથી વધારે મારી પાસે હોત તો તે પણ છોડી દેખ ! ખરે! શ્રી-

ઓમાં શિરોમણીરૂપ મેહેતાબપર ઈરાન જેવા લાખ-મુલક હોય,તો પણ તે કુરબાન કરૂં છું!!!"

આ ઇન્સાફના પ્રત્યુત્તરરૂપ કબૂલાત મોજદ્દીને મોટી ગર્જના જેવા સ્વરથી બોલી સર્વ સભાસદો સાંભળે તેમ બાખુશીથી આપી ! તે સાંભળીને સર્વ માણસોએ ખુશાલીનો પોકાર કર્યો. શાહ પણ પોતાના પુત્રની દૃઢ પ્રીતિ, હિંમત અને મર્દાઇથી અંદરખાને ખુશી તો થયો, પણ કંઈ બોલ્યો નહિ. વળી મોજદ્દીને કાજીએ કરેલા ફેસલાની તામીલ જાતેજ કરતાં ન્યાયાસનપર પડેલું કુરાનનું પવિત્ર પુસ્તક હાથમાં લઇને કહ્યું કે-

'છોડા તખ્ત ઇરાનકા, બીચ કુરાન કિતાબ !"
હાથ પકડકે લે ચલે, મોજદ્દીન મ્હેતાબ !!૮૯

"આ પવિત્ર કુરાનનું પુસ્તક વચ્ચે રાખી અર્થાત્ તેના સોગન ખાઇને સર્વ નેકમર્દોની સાક્ષીએ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે-હું ઇરાનના તખ્તનો દાવો છોડુ છું !" એમ કહી સભા વચ્ચેથી મેહેતાબનો હાથ પકડી, તેને સાથે લઇ મોજદ્દીન ઇરાનની રાજસભાને હમેશને માટે છોડી ચાલતો થયો. તે વખતે મોજદ્દીનનેમાટે સર્વને ઘણી લાગણી તેમજ પ્રીતિ ઉ-

મન થઇ, તથાપિ પરમન્યાયિક શાહના રૈયાગણો કોઇ પણ કંઇ બોલી શક્યું નહિ. રાજસભામાંથી ખુલ્લે રસ્તે મેડતાઅને લઇને મોજદીન–

આય હુવેલી આપકી, લિખ ભેજે ફરમાન;
મુગલ મીર સામિલ ભયે, દેશ દેશકે આન. ૯૦

પોતાના પ્રથમના રંગમેહેલના બગીચાવાળી હવેલીમાં આવ્યા; અને ત્યાંથી પોતાના સર્વ દોસ્ત આશનાઓને પત્ર લખ્યા કે "જે અમને ચાહતા હોય, કિંવા જેને અમારી સાથે આવવું હોય તેણે અમુક મુદ્દતમાં અમને અહીં આવી મળવું." તે પરથી દેશ અને પરદેશથી પણ મોગલ, મીર, વગેરે પુષ્કળ યોદ્ધાઓ આવીને મોજદીનને મળ્યા. અને જ્યારે મોજદીનની સ્વારી વિદેશ જવા માટે તૈયાર થઇ, ત્યારે તેણે જોયું તો–

જાત જાત પીછે ખડી, સૈયદ, શેખ, પઠાણ;
સિંધુર ત્રેસો સાઠ હેં, તીન લાખ કેકાણ.* ૯૧

---

* એક પ્રતમાં આ દોહરાનો એનેજ મળતો પણ કંઈક જૂદો આ પ્રમાણે પાઠ છે:—

"સિંધુર ત્રિયસોં બેસહેં, તીન લાખ તોખાર;
મોજદીન પતશાહકે, પાલૂ અંત ન પાર."

સૈયદ, શેખ, પઠાણ ઇત્યાદિ જાત જાતના માણસો તેની પાછળ સવારીમાં ઉભેલા તેણે દીઠા. મોજદીનની ફોજની ગણત્રી કરતાં ૩૬૦ હાથી, ત્રણ લાખ ઘોડા, તેમજ તે સિવાય બીજા પુષ્કળ પ્યાદલ હતા. જ્યારે મોજદીનની સેના ચાલતી થઇ ત્યારે તેને દેખાવ બહુ આનંદ ઉપજાવે તેવો હતો—

કર ગજ ડંબર ફોજકા, શિર છત્રહિં સેંગીર;
ધજા ઉડે અશમાનલોં, દુશ્મન ધરે ન ધીર. ૯૨

હાથીઓના આડંબરથી શણગારાયલી ફોજ વચ્ચે હાથીપર સવાર થયેલા અને સાંગ ધરેલા યોદ્ધાઓથી વીંટાયલા, શાહજાદા મોજદીનપર–છત્ર ચામરાદિક શોભી રહ્યાં છે; અને આકાશસુધી–ઉંચાં–ફોજનાં નિશાન ઉડી રહ્યાં છે, કે જેને જોઇનેજ દુશ્મનોની ધીરજ છુટી જાયછે. અથાત તેઓ શરણે થાય છે. એવી સજ કરેલી ફોજ સહિત મજલ દરમજલ કરતાં કેટલેક દિવસે—

ફોજ ફહારાં લે ચઢે, દિય ઇશાનકું છોડ;
કલૂ શાહકોં મારકે, લિયા કલેરા કોટ. ૯૩

મોજદીને ઇરાનની સરહદને છોડી દીધી, લા-

પછી તેણે પોતાની મોટી ફોજના જમાવથી કલેરા કોટના-રૈયતપર જુલમ કરનારા-કલૂશાહ નામે સરદાર ઉપર ચડાઇ કરી તેને મારીને તેનું રાજ્ય સ્વાધીન કર્યું. તમામ રાજ્ય સ્વાધીન કરીને શાંતિ થયા પછી તે શેહેરના મુખ્ય માણસોએ પોતાને જુલમમાંથી છોડાવ્યા બદલ ઉપકાર માનીને—

કલુકોટકે શહરમેં, ફિરી દુવાઈ આન;
સાહિબ કીના તખ્તપર, મોજદ્દીન સુલતાન! ૯૪

મોજદ્દીનને પોતાનો પાદશાહ-માલિક કબૂલ રાખી-"મોજદ્દીન સુલતાન" ના નામની દુવાઇ કલૂકોટના શેહેર-તેમજ મુલક-માં ફેરવી, તેથી મોજદ્દીન ત્યાંનો સ્વતંત્ર પાદશાહ થયો. અને થોડા વખતમાં પોતાના અદલ-ઇન્સાફ, નીતિ વગેરેથી લોકોની બહુજ પ્રીતિ મેળવી. બાળપણના સર્વ દુર્ગુણો હવે મોજદ્દીનમાંજ હતાજ નહિ. હવે તો મોજદ્દીન દુનિયાના પરમ ન્યાયિક બાદશાહોમાં ગણાવા લાગ્યો. આખર જ્યારે તેના પિતા શાહ ખુદાદ્દીનને આ ખબર થઇ, ત્યારે તેણે બહુજ સંતોષ બતાવ્યો. તેમ મોજદ્દીન પણ પોતાના ન્યાયમૂર્તિ પિતાતરફ અત્યંત પ્રીતિભાવ ધરાવતો પોતાના રાજ્યમાં સુખથી રહેવા લાગ્યો.

મોજદ્દીન પતશાહકે, હુરમ તીનસેં સાઠ;
સબ ઊપર મ્હેતાબકા, બૂડા અનોખા ઠાઠ! ૯૫

મોજદ્દીન પાદશાહનો વૈભવ વર્ણવતાં કવિ કહેછે કે–તેને ત્રણસેં સાઠ રાણી હતી. પરંતુ તે સર્વ રાણીઓના શિરતાજ રૂપ મેહેતાબનો ઠાઠ તો અજબ જ હતો! જે મોજદ્દીન એક વખત તાબેદાર હતો, એક વખત જેને મેહેતાબનું મુખદર્શન ખુદાઇ બક્ષીશ હતી! તેજ મોજદ્દીન અને મેહેતાબ હવે એક અંગ–દંપતિ થયાં!

મોજદ્દીન નિરભય રહે, સબ હુરમાકે સંગ;
જેસે હથની જૂથમેં, માતો રહે મતંગ. ૯૬

હવે સુલતાન મોજદ્દીન અભય થઇને–મેહેતાબ તેમ–સર્વ હુરમો સાથે–મદોન્મત્ત હાથિણીઓના ટોળામાં જેમ મહા મત્ત ગજેંદ્ર હોય, તેમ રહેવા લાગ્યો. અને ખુશી, ખેલ, સુખ, વૈભવ, હાસ્યવિલાસમાં સંપૂર્ણ સંતોષથી અને લોકોત્તર સુખથી તેની જિંદગી ગુજરવા લાગી.

મરદો કબૂ ન કીજિંયેં, કોઉ નારિસેં પ્રીત;
કરો તોં એસી કીજિંયેં, મોજદ્દીનકી રીત! ૯૭

હે ! નેકમર્દો ! તમારે ક્યારે પણ કોઇ સ્ત્રીથી પ્રીતિ કરવી નહિ; પરંતુ જો પ્રીતિ કરવી તો મોજદીનની પેઠે-કપટ રહિત-ખરા દિલની અને જન્મપર્યંતની સત્ય તથા નિર્મળ પ્રીતિ કરવી. તેમજ દ્રવ્ય, આબરૂ, વગેરે સર્વ સાંસારિક વસ્તુઓ અને છેવટ પ્યારામાં પ્યારો જીવ જતાં પણ તે પ્રીતિને છોડવી નહિ. અર્થાત્ પ્રેમને જીવ કરતાં પણ વધારે વ્હાલો ગણવો.

આગે પ્રીત લગાત હેં, જો નર દેકે હામ.
પીછે દૂરા દેતહે, જાકી જાત હરામ! ૯૮

પહેલાં જે પુરૂષો પ્રીતિ કરવાની હિંમત આપીને પ્રીતિ કરેછે અને પછી પ્રીતિપાસમાં પડેલી સ્ત્રીથી દૂર રહી, તેને વિયોગનું દુઃખ આપેછે, તેની જાત હરામ છે. અર્થાત્ તેઓ હક્ક નહિ પણ હરામથી આ દુનિયામાં પેદા થયેલા (વર્ણસંકર) છે !

પાઘ બદલ, બાટી બદલ, બચન બદલ બેનૂર;
ચારી કર ખ્વારી કરે, વાકે મુખપર ધૂર!!! ૯૯

જે નિસ્તેજ માણસો, વિદેશમાં જઇ કિંવા દેશમાં રહીને પોતાની પાઘડી બદલાવે છે, પોતાનું ખાણું બદલાવે છે-અર્થાત નખાવાની વસ્તુ ખાય છે, આ-

પેલું વચન બદલીને બેવચની થાયછે અને દોસ્તી કરીને પછી તેની અંદર ખરાબી કરે છે, અર્થાત્ જેના પ્રથમ દોસ્ત હોયછે, તેનાજ પછી દુશ્મન થઇને ઊભા રહે છે; તેના મોઢાપર ધુળ છે!

દેખ ઇશ્ક દિલ દોયકા, ઉદયરામ ચિત લાય;
મોજદ્દીન મ્હેતાબકી, ભઈસુ બાત બનાય*૧૦૦

બે–આશક માશુકનાં ઇશ્ક (પ્રેમ) સહિત દિલ જોઇ–સમજીને કવિ ઉદયરામે તે બિના મનમાં લઇને આ મોજદ્દીન મેહેતાબની ખરેખરી–બનેલી વાત બનાવી છે.

અંતર તામેં ના રહા, ભૂલ ચૂક કછુ હોય;
ખુદાઃ દીન તુમ જાનકે, માફ કરો સબ મોય. ૧૦૧

આ વાત લખવા–(રચના)માં મેં શ્રોતા–વાંચનાર જનોથી કંઇ અંતર–પડદો રાખીને કશું બાકી રાખ્યું નથી; અર્થાત્ કાંઇ ખામી રાખીને છૂપાવ્યું નથી. એટલે એ વિષે જેટલું હું જાણુતો હતો,

---

* આ ૧૦૦ મા દોહરાનો એક પાઠ નીચે પ્રમાણે છે, તે પરથી કવિની જાતની ઓળખાણ મળે છેઃ–

ઉદયરામ ચારન કહે, દોય ઇસ્ક ચિતલાય;
મોજદીન મ્હેતાબકી, કેતી બાત બનાય!

તે સર્વ મેં લખ્યું છે. તેમાં કંઇ ભૂલ ચૂક-ખામી રહી હોય તો તે બધી ન્હે જગદીશ્વર! મને ગરીબ જાણીને માફ કરજો.

સંવત્ ગ્યારહસેં બરસ; સત્તાવનપર સાત;
કાર્તિક સુદ છઠકી ભઈ, મોજદીનકી બાત. ૧૦૨

સંવત્ ૧૧૫૭+૭=૧૧૬૪ ની સાલના કાર્તિક માસની શુદિ ૬ ને દિવસે આ મોજદીન મેહેતાબની વાત સંપૂર્ણ-થઈ છે.

સમાપ્ત.

થોડાંક પ્રમાણપત્રો.

"પ્રેમપંચોતરી"ના પહેલા પચીશ સવૈયા વિષે

સ્વર્ગસ્થ રા. બા. હરિલાલ હર્ષદરાય ધ્રુવ. બી. એ. એલ. એલ. બી.

"ચંદ્ર"ના અધિપતિનો એક પત્ર.

"શ્રી વડોદરા. ૧-૧૨-૯૩.

"રા. કવિ જીવરામ અજરામર ગોર.

મુ. કચ્છ-ભુજ.

આપના તરફથી પ્રેમ પચીશીનું કાવ્ય આવ્યું છે, તે મેં વાંચ્યું છે, તેથી હું પ્રસન્ન થયો છું; તે આશ્વિનના તો નહિ પણ કાર્તિકના અંકમાં છપાશે. એજ પ્રમાણે લખતા રહેશો.

લી. સ્નેહાધીન.

હરિલાલ ધ્રુવના પ્રણામ."

સ્વર્ગસ્થ કવીશ્વરશ્રી દલપતરામ ડાહ્યાભાઈ સી. આઇ. ઈ. લખે છે કેઃ—" ભુજના નિવાસી કવિ જીવરામ અજરામર ગોર, વ્રજભાષા અને ગુ-

જરાતીમાં ઘણી સારી કવિતા કરી શકેછે. તેમની કવિતા કુદરતી મીઠાશવાળી હોવા સાથે તેમનું કાવ્યવિષયનું જ્ઞાન પણ ઘણું સારૂં છે. ભાષા રસાલંકરવાળી અને વિચાર સારા સુધરેલા છે. * * * "

"મહેતાજીઓમાં કેટલાક ઘણા સારા કવિછે."

"અમારૂં કહેવું એમ નથી કે મહેતાજીઓ કવિ નથીજ. મહેતાજીઓમાં કેટલાક **ઘણા સારા કવિ** છે. જેવા કે મિ૦ **ન**નામિયાં રસુલમિયાં, ગણપતરામ રાજારામ, **જીવરામ અજરામર** ઇત્યાદિ, જેમની કવિતાની **અમે ઘણી અપેક્ષા રાખીએ છીએ.** પરંતુ તે છેકજ થોડા છે, અને આ ટોળામાં ઢંકાયલા છે."

બુદ્ધિપ્રકાશ. પુ. ૪૧ અં. ૧ લો પૃ. ૨૫.

"વિવિધ વિષયોપર કચ્છ ભુજનગરનિવાસી કવિ જીવરામ અજરામ ગોર જોડે મિ. તારાપોળવાળાને ચાલેલાં પ્રશ્નોત્તર."

"(કવિ જીવરામ અજરામ ગોર કચ્છ દેશના એક સુપ્રસિદ્ધ કુદરતી કવિ છે. હૈયાત ગૂજરાતી કવિઓમાં કવિ જીવરામની ગણના છે. તેમની કવિતા કુદરતી મીઠાશવાળી હોવા જોડે તેમના વિષયોની ચું-

ટાંકી પણ તારીફલાયક હોયછે. કાવ્ય-કળાનું વિશાળ જ્ઞાન કવિ જીવરામ ધરાવતા હોવાથી કવિતા ગોયા એમના હાથમાં ગેલ કરી રહ્યો છે "કાવ્યકળાધર" નામે એમનો રચેલો ગ્રંથ જેઓએ વાંચ્યો હશે, તેઓ એમની કવિત્વ શક્તિનું અચ્છું તોલ કરી શકશે. "ભગવતપિંગળ" નામના એક જૂના ગ્રંથની ટીકા કવિ જીવરામ ગોરે પ્રસિદ્ધ કરી ગૂજરાતી ભાષાના કવિઓની કેવી ઉત્તમ સેવા બજાવી છે, તે કાવ્યાભિલાષી જનોનેજ જણાશે. ગૂજરાતીમાં એવી વિદ્વતાભરેલી ઉત્તમ ટીકાવાળું પુસ્તક જવલેજ બહાર પડયું હશે. **નામદાર કચ્છ દરબારના મહદાશ્રય**થી બીજાં પણ કેટલાંક પુસ્તકો કવિએ બહાર પાડેલાં છે; એવા એક પંડિત પુરૂષ માટે કચ્છ દેશ મગરૂર થાય તો તે મગરૂરી માનભરેલીછે. આજે અમે કવિ જીવરામની કાવ્ય-પ્રસાદી પ્રિય વાંચક સન્મુખ પીરસી છે.)"

"**માસિક પ્રજાહિત.**" પુ. ૮ મું અંક ૫-૬-૭. પૃ. ૨૫૦.

"મિ. જીવરામ અજરામર ગોર, એમણે "**વાર્તા વિનોદ**" નામનું પુસ્તક રચી તૈયાર કર્યું છે, તેમાં ઐતિહાસિક તથા લૌકિક મળીને એકસો વાર્તાઓનો

અપૂર્વસંગ્રહ છે. આમાંની કેટલીક વાર્તાઓ "વિ-જ્ઞાન વિલાસ" માસિકમાં પ્રસિદ્ધ થઇ ચુકેલી છે, તે તથા હસ્તલિખિત પ્રતમાંહેલી વાર્તાઓ છૂટક છૂટક કેટલીક હું વાંચી ગયો, તેપરથી હું હિંમતથી કહી શકું છું કે એ પુસ્તક જ્યારે પ્રસિદ્ધ થશે ત્યારે ખરેજ લોકપ્રિય થયાવગર રહેશે નહીં. મિ૦ જીવ-રામની ભાષા શુદ્ધ, પ્રૌઢ, રસમય અને તે સાથે સરળ અને અસરકારક છે; અને તેમની વર્ણનશૈલી ચિત્તા-કર્ષક અને વર્ણવેલા વિષયનો ચિતાર રમણી-યપણે નજર આગળ ખડો કરે, એવા પ્રકારની છે. ગ્રંથકર્ત્તા પોતાનો ઉચ્ચ પ્રયાસ ચાલુ રાખશે તો આગળ જતા ઇશ્વરકૃપાથી ગુર્જર સાક્ષરમંડળમાં ઉન્નત પદવી સંપાદન કરી શકશે, એવી ઉમેદ રાખી શકાયછે.

ભુજ તા.૯-૫-૯૨ } (સહી) વિઠ્ઠલજી કેશવજી દવે બી. એ. (એજ્યુકેશનલ ઇન્સ્પેકટર કચ્છ")

"ભગવત પિંગળ" નો ગ્રંથ કચ્છના જાડેજા શ્રી ઉન્નડજીએ રચ્યો છે, તેમાં બીજાં પિં-ગળો કરતાં કેટલીક વિશેષ વાત કાવ્યશાસ્ત્રના જા-ણનારાઓએ ખચીત સમજવા યોગ્ય છે. તે ગ્રંથની ટીકા કરીને કવિ જીવરામ અજરામર ગોરે છપાવી

પ્રસિદ્ધ કર્યો છે. તેમણી કરેલી ટીકા વિદ્વત્તા ભરેલી-ઉત્તમ છે, દરેક સિદ્ધાંતને સ્પષ્ટપણે સમજાવેલા તેમણે ઘણી ઉત્તમ કોશિશ કરેલી છે; પિંગળના વિષય સંબંધોની કેટલીક જાણવાજોગ-નવીન બાબતોનો તેમાં સંતોષકારક રીતે સમાવેશ કર્યો છે, તેથી તેમણે આ ગ્રંથ ટીકા સહિત છપાવીને બેશક ગુજરાતી પુસ્તકભંડોળમાં સારો ઉમેરો કર્યોછે.

* * * * *

ઉમરાળા. તાબે ભાવનગ. તા. ૨૧-૨-૯૩.	દલપતરામ ડાહ્યાભાઇ સહી."

ખા. સા. કરમઅલી રહીમ નાનજીઆણી બી. એ.

(ડે એ. ઇ. સાહેબ પંચમહાલ.) તરફથી

વાડાસીરનોર. તા. ૨૮-૫-૯૩.

"કાવ્યકળાધર" વાંચી બહુ હર્ષ થયોછે. તમારી રચેલી કવિતા ઘણે અંશે નદીની પેઠે સહેલાઇથી વહેછે અને કોઈ કોઇ સ્થળે તો બહુ જોશથી ઉછાળા મારેછે. એ એ લઘુ પુસ્તકમાં બોધ લેવાલાયક પણ ઘણુ બહુ છે. " પાણી પહેલી પાળ " એમાં સારા વિચારો દર્શાવેલા છે.

પણ એ કરતાં એ વધારે **ખૂબીદાર** નો "**થાવાનું તે થાય.**" એ છે. એમાં સુસ્ત તથા હિચકારા લોકોને જાગૃત કરવાને **સરસ ચાબુક** છે.

શુભેચ્છક-**કરમઅલી**ની સલામ."

"**અમદાવાદ** તા. ૨૨ મી મે સને ૧૮૯૩.

એ પુસ્તક (**ભગવતપિંગળ**) છપાવી છંદશાસ્ત્રનાં પુસ્તકોમાં તમે એક કિંમતી ઉમેરો કર્યોછે. પુસ્તક **ભાષા**માં છતાં પણ તમારી સવિસ્તર ટીકાને લીધે હરકોઈ તેનો લાભ લઇ શકે એમ છે. એ પુસ્તકનું સંશોધન કરી તાળની સમજૂતી સાથે છપાવી કચ્છી કવિની કીર્તિ ફેલાવવાનો **તમારો પ્રયત્ન સફળ છે.**

લિ.

શુભચિંતક-**કેશવ હર્ષદ ધ્રુવ.**"

"તા. ૩૦-૧૦-૯૩. **ઈડરગઢ.**

૨. **કાવ્યકળાધર**-૧ લી કળા;-જેમ કળાધર-ચંદ્ર રસજ્ઞ પુરૂષોને **અજરામર** અમૃતમાં સ્નાન કરાવે છે, તેમજ આ **કાવ્યકળાધર** આરામ સહિત **જીવન**ના ઝરાગાં ઝીલાવે છે।"

નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી."

"સરસ્વતી શૃંગાર" નો વધારો

અમારી ઑફિસનાં પુસ્તકો.

નવિન આવૃત્તિ છપાય છે.

ઉર્ઢા અને હોથલ.

એક પવિત્ર સ્વર્ગીય પ્રેમમય કચ્છી ઐતિહાસિક નવલકથા.

આ અતિ રસિક અને પ્રેમના અપૂર્વ તથા પ્રત્યક્ષ ચિતારવાળી વાર્તા કે ૧૧ પ્રકરણોમાં રચાયેલી છે, અને "સરસ્વતીશૃંગાર" પુ. ૧ લાના અંક ૫ માથી પુ. ૨ જાના અંક ત્રીજા સુધીમાં પ્રગટ થયેલી છે, તેને યોગ્ય સુધારા વધારા સાથે પુસ્તકના આકારમાં પ્રગટ કરિયે છિયે. આ વાર્તામાં કુદરતના અલૌકિક બનાવ અને પવિત્ર દંપતિના ઉત્કૃષ્ટ પ્રેમનું સારી ભાષામાં ઘણું ઉંચું વર્ણન કરેલું છે.

પહેલી જાન્યુઆરીસુધી મંગાવનારને રૂ. ૦—૬—૦ પાછળથી રૂ. ૦—૮—૦; ઉંચા જિલ્દના પાકા પુઠાના રૂ. ૦—૧૨—૦

ચાર પ્રતો સાથે મંગાવનારને પોસ્ટેજ માફ આપી એક પ્રત ભેટ. વધારેને માટે કમિશન આપવા ધારણ રખાયું.

પુસ્તક પસંદ ન પડે તો પૈસા પાછા!

છપાઈ બહાર પડી ચુક્યું છે!

પ્રખ્યાત મસ્તિષ્ક વિદ્યાશાસ્ત્રી ડૉક્ટર ચેલ્સફૂલ,

લગ્ન. (MARRIAGE) નું રૂપાંતર.

આ અતિ લોકોપકારક ગ્રંથમાં તેના વિદ્વાન કર્તાઓએ સંસારના વિકટ માર્ગમાં પ્રવાસ કરવા ઇચ્છનાર અને શ્રેષ્ઠ સંતતિ મેળવવા ઇચ્છનાર દરેક યુવાન સ્ત્રીપુરૂષને ઘણીજ ઉપયોગી નીચે લખેલી ૧૨ બાબતોપર શાસ્ત્રીય રીતે ઘણું સૂક્ષ્મ અને અનુભવ સિદ્ધ વિવેચન કરેલું છેઃ—૧. ગ્રંથ પ્રયોજન; ૨. લગ્ન—તેના ફાયદા, ૩, કોણે પરણવું? ને કોણે ન પરણવું? ૪. પસંદગીના નિયમ, ૫. પરણવા યોગ્ય ઉમર. ૬. લગ્ન—તેના માટે કેટલાકોમાં હેતુની નિર્બળતા, ૭. નવા જીવની ઉત્પત્તિ, ૮. ખામી સંતતિનાં સંકટ, ૯. સંતતિની સંખ્યાના નિયમ, ૧૦ પુત્ર પુત્રી થવાના નિયમ, ૧૧. સંભોગનો ખરો વખત અને ૧૨. વ્યભિચાર.

કિંમત રૂ. ૦।।।) પાકા ગિલ્ટના પૂઠાનાનો રૂ. ૧. પોસ્ટેજ જુદું. "ભુજ સરસ્વતી શૃંગાર" ઓફિસ અને બીજા મોટા શહેરોના જાણીતા બુકસેલરો પાસેથી મળશે.

પ્રથમાવૃત્તિની થોડીજ નકલો બાકી છે।

વાર્ત્તા વિનોદ

પ્રથમ દર્શન

"એકાવન વાર્ત્તાઓનો અપૂર્વ સંગ્રહ"

કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ૦)≈

આજસુધીમાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં નાની ઐતિહાસિક અને બોધક વાર્ત્તાઓનાં સર્વે પુસ્તકોમાં આની બરાબરી કરે એવું એકે પુસ્તક નથી. તેમાં "સ્થળેસ્થળે ભિન્નભિન્ન ભાષાઓના મહાકવિઓની પ્રસ્તાવિક ઉત્તમ કવિતા મૂકેલી છે, તેથી તેની ખૂબીમાં ઘણોજ ઉમેરો થાય છે." આ પુસ્તક વિષે જાહેર છાપા અને શ્રેષ્ઠ વિદ્વાનોએ ઘણા ઉત્તમ અભિપ્રાય આપ્યા છે; તેમજ રાજા રજવાડાઓમાં તેની શ્રેષ્ઠતાને લીધે સેંકડો નકલો ખરીદાઇ છે.

આર્યોના સર્વોત્તમ નીતિગ્રંથ

"વિદુરનીતિ"નું કવિતારૂપ ભાષાન્તર.

રૉયલ ૧૨ પેજી ૧૫૦ પૃષ્ઠ.કિંમત.રૂ.૦ાા≈પોસ્ટેજ૦)–

આ આર્યોના માનનીય ગ્રંથવિષે ભગવાન્ વેદ વ્યાસ પોતેજ કહે છે કે " નીતિ કહેનારાઓમાં

વિદુર સર્વોત્તમ છે." આ કવિતારૂપ ભાષાન્તર "કવિ જીવરામ અજરામર ગોરે સરલ ગુજરાતી ભાષામાં સારા પરિચિત છંદોમાં ઘણું ઉત્તમ કર્યું છે." એમ વિદ્વાનોએ અભિપ્રાય આપ્યા છે. તથા મુંબઈ ઈલાકાના કેળવણી ખાતાના નામદાર ડિરેક્ટર સાહેબે અને વડોદરા દેશી કેળવણી ખાતાના મે. વિદ્યાધિકારી સાહેબે તે "સ્કૂલલાયબ્રેરી અને ઇનામખાતે મંજુર" કર્યું છે. ચાર પ્રતે પોસ્ટેજ માફ, આઠે એક પ્રત ભેટ. સામટામાં સારૂં કમિશન મળશે. મુંબઈના બુકસેલરોએ એની સંખ્યાબંધ પ્રતો ખરીદી છે.

કવિશ્રી ઉદયરામ કૃત

બોજદ્દીન મેહેતાબ.

કદ સુપર રૉયલ ૩૨ પેજી ૬૪ પૃષ્ઠ, બીજી આવૃત્તિ.

આ નાની હિંદી દોહરા સાથેની ગુજરાતી ગદ્ય-વાણી અતિ રસિક વાર્તાની બીજી આવૃત્તિ તદ્દન ગુજરાતી અક્ષરમાં ઊંચા ગ્લેજ કાગળપર ઘણા સુધારા વધારા સહિત છપાવવામાં આવી છે. ઘટાડેલી કિં. [illegible]

થોડીજ નકલો બાકી છે ! તાકીદે મંગાવો !!

" पावागढ "

કિં. રૂ. ૦-૮-૦; પાંચ નકલે ૧ ભેટ

આનેક ઐતિહાસિક સંબંધોવડે પ્રસિદ્ધ થએલા એવા પાવાગઢથી કોણ અજાણ્યું હશે !! જે સ્થાને સુલતાને બેગડાએ તેલકડામાં નાખ્યો, જ્યાં મહાકાળી અને કાળિકાસંબંધે પતાઈરાવળનો પરાજય થયો. જ્યાં અકબરના પિતા હુમાયુએ સોદાની મેખો મારી કિલ્લા ઉપર ચઢી તે સર કર્યો ૪૦ મોટાં યુદ્ધ (આશરે) વર્તાયા છે. તે સંબંધે બે હજાર વર્ષના ઐતિહાસિક સંબંધ સંમિલન કરી ગદ્ય-પદ્યમિશ્રિત ઉત્તમ આનંદમય રચનામાં છંદ-રાગમય મૂળપુરૂષથી મળતી વંશાવળીસહ પૃથુરાજ ચહુઆણ અને પતાઈરાવળ સુધી તથા તેના વંશના છોટાઉદેપુરના મહારાજ મોતીસિંહજી અને દેવગઢબારીઆના મહારાજ માનસિંહજી સુધીની વંશાવળીસહ મુદ્રાંકિત થએલું છે. કદ ડેમી ૧૨ પેજી અંક ૧૨॥ ફોર્મ.

અમદાવાદ.
"આર્યોદય" પ્રેસ.

રચી પ્રસિદ્ધ કર્તા ઉમરેઠવાસી
છગનલાલ દાજીભાઈ દ્વિવેદી.
મેનેજર સરસ્વતી શૃંગાર ઓફિસ.

ગૂજરાતી ભાષામાં પિંગળશાસ્ત્રનો

અપૂર્વ અને ઉપયોગી ગ્રંથ

भगवत पिंगल.

મૂળ કવિ શ્રી ઉજ્જડજી કૃત હિંદીમાં; તેના 'કવિ જીવન' કૃત સંપૂર્ણ ખુલાસાવાળી વિગતવાર ગુજરાતી ટીકા સાથે કિંમત રૂા. ૧—૦—૦ પોસ્ટેજ ૦)—

આજ સુધી ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પિંગળોમાં ન જણાયલા એવા સંખ્યાબંધ નવિન ખુલાસા આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે. બીજાં ગુજરાતી પિંગળોમાં જેમ વર્ણ અને માત્રાનું સંખ્યા, પ્રસ્તારાદિ એ રીતનું ગણિત આપેલું છે, તેમ આમાં એ બે ઉપરાંત ત્રીજું માત્રાનુ સંખ્યા, પ્રસ્તારાદિ ગણિત ઘણા વિસ્તાર અને ખુલાસાથી આપ્યું છે. વળી છંદોનાં ઉદાહરણોમાં શ્રીકૃષ્ણના પુત્ર શાંબે, દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું હરણ કર્યું તેની સળંગ કથા વર્ણવી છે. એ સર્વ બિના ધ્યાનમાં લેતાં આ અમૂલ્ય ગ્રંથ કવિઓ અથવા કાવ્યશા-

કળા શોખિનો અને અભ્યાસીઓને ઘણુંજ ઉપયોગી છે.

આ પુસ્તક મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના નામદાર ડિરેક્ટર સાહેબે તથા વડોદરા કેળવણી ખાતાના મે. વિદ્યાધિકારી સાહેબે સ્કૂલ લાયબ્રેરી અને ઇનામ ખાતે મંજુર કર્યું છે.

જાણીતા કચ્છી વિદ્વાન

રા. રા. સચ્ચિદિનાભાઈ નાનજીઆણીકૃત

સુખસ-માગ.

કિંમત રૂ. ૧-૪-૦ પોસ્ટેજ ૦)=

સાદી ભાષામાં વ્યવહારિક દ્રષ્ટાંતોવડે સરળ તત્વજ્ઞાનનો બોધ આપનાર અને જેમાં વ્યવહાર અને પરમાર્થ બંનેનું જ્ઞાન મળે એવું "સંસારના ભોમિયા" રૂપ પુસ્તક આવું બીજું કોઇ નહિ હોય. ક્રાઉન ડેમી ૪૦ ફૉર્મે, ઉત્તમ ગ્લેઝ કાગળપર સુંદર મોટા અક્ષરની છપાઇ, સળંગ છીંટનું પાકું પૂઠું.

આ પુસ્તક ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ શાળાઓનાં ઇનામ અને લાયબ્રેરીઓ ખાતે મંજૂર કર્યું છે.

કવિ જીવન કૃત

પ્રેમપચોતરી

આ પ્રેમવિષયનો કવિતારૂપ નિબંધ ઘણી ઊંચી ભાષામાં, જગપ્રસિદ્ધ પ્રેમી દંપતિઓનાં દષ્ટાંતોથી ભરપૂર અને મધુરસાધાર કવિતામાં રચાયેલો છે. કવિતામાં બહુધા **સવૈયા—ઇંદ્રવિજય વૃત્ત** છે. "પ્રેમ શબ્દ પર ગ્રંથ રચવો," એવા વિવાદપરથી આની રચના થયેલી છે. એની **પહેલી આવૃત્તિ** માત્ર એક માસમાં ખપી જતાં હાલ વારંવાર માગણી થવાથી આ "બીજી આવૃત્તિ" ઘણા સુધારા વધારા સાથે છપાય છે. ઘટાડેલી કિં.રૂ. ૦)॥

કવિ જીવન કૃત

કાવ્ય કળાધર

કળા પહેલી

ક્રાઉન ડેમી ૧૨ પેજી લગભગ ૧૦૦ પૃષ્ઠ, કિંમત રૂ. ૦ાા

એમાં વિવિધ વિષયોપર રચાયલી અને ભિન્ન ભિન્ન માસિકોમાં પ્રગટ થયેલી **જીવરામ અજરામર ગોર ઉર્ફે કવિ જીવન**કૃત સંખ્યાબંધ **શૃંગાર, વીર, શાંત,** વગેરે રસોમાં રચાયલી કવિતાઓ છે. સ્વર્ગવાસી **કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ** આ પુસ્તક વિષે ઘણો ઉંચો અભિપ્રાય આપ્યો છે.

કચ્છના જાહેર કવિ શ્રી ઉમરડજી કૃત.

મેઘાડમ્બર.

"બીજી આવૃત્તિ"ની ઘટાડેલી કિંમત રૂ. ૦-૪-૦

પહેલી આવૃત્તિમાં આની ટીકા પદ્યાત્મક હતી, તે આમાં ગદ્યમાં કરીછે, અને સર્વે બાબતના વિગતવાર ખુલાસા આપ્યા છે. એમાં "વરસાદનું ભવિષ્ય જોવાની સેંકડો યુક્તિઓ બતાવેલી છે." જે માણસો તેનો અનુભવસહિત અભ્યાસ ને અવલોકન કરે છે તે એ બાબતમાં ઘણું જાણવા સમર્થ થાય છે.

અતિ અદ્ભુત ડિટેકટીવ નૉવેલ.

સાતખૂન.

અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં દિલ્હીશહેરમાં થયેલાં સાતખૂન એક ચાલાક ડિટેકટીવ અમલદારે કેવી યુક્તિ, સાહસ, અને હિંમતથી પકડ્યાં છે! તેનો આ આબેહુબ ચિતાર છે. આ પુસ્તક "સરસ્વતી શૃંગાર" પુસ્તક બીજાના ગ્રાહકોને ભેટ આપવામાં આવ્યું હતું. તેની થોડીજ નકલો બાકી છે. ક્રૂ રોયલ ૧૬ પેજી ૧૨૦ પૃષ્ઠ. કિં.રૂ. ૦-૮-૦

સુનીતિદર્શક—નાની વાર્તાઓનું પુસ્તક.

હિકાયતે લતીફ

૬૬ મોટા રોયલ ૪ ફોર્મ, કિંમત રૂ. ૦—૪—૦

આ અંગ્રેજી હાઈસ્કૂલોમાં ચાલતા ફારસી નીતિ ગ્રંથનું ગુજરાતી ભાષાન્તર છે, તેમાં દરેક વાર્તા નીચે તેનો સાર આપેલોછે. હાલ થોડા વખતથી ગુજરાતી શાળાઓના "વગરધોરણ"માં મુખ્ય મહેતાજીએ વાર્તાઓ શીખવવાનો હુકમ થયો છે, તેમને આ પુસ્તક ઘણું ઉપયોગી થશે. મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના નામદાર ડાયરેક્ટર સાહેબે તથા વડોદરાના મે. વિદ્યાધિકારી સાહેબે "સ્કૂલ લાયબ્રેરી અને ઇનામ ખાતે મંજુર" કર્યું છે.

ઉપલાં સર્વ પુસ્તકો

"સરસ્વતી શૃંગાર" ઓફિસ ભુજ, એ સરનામે તથા અમારા બીજા એજંટો પાસેથી રોકડી કિંમતે કિંવા વી. પી. બુકપોસ્ટ મંગાવવાથી મળશે.

આડત અને કમિશન.

ભુજ "સરસ્વતી શૃંગાર" ઑફિસ. આબરૂદાર વ્યાપારિયોનો બનેલો માલ યોગ્ય કમિશન લઈ વેચી આપશે તથા વેચાવેલા માલનાં નાણાં તાકીદે તેમના માલિકોને મોકલી આપશે. માટે કચ્છ ખાતે જેમને પુસ્તકો કિંવા બીજા વગેરે માલના એજન્ટની જરૂર હોય, તેમણે સદરહુ માસિકના **અધિપતિ અને માલિકને** નામે પત્ર વ્યવહાર ચલાવવો.

અમારા કોઈ પણ પુસ્તકોની ૪ પ્રત એક પાકીટમાં મંગાવનારને પોસ્ટેજ માફ, અને એક પ્રત ભેટ, ૧૦ પ્રતે ૧૫ ટકા, ૨૫ પ્રતે ૨૦ અને ૫૦ કે તેથી વધારે પ્રતો મંગાવનારને ૨૫ ટકા કમિશન આપવામાં આવશે.

"સરસ્વતી શૃંગાર"ના ગ્રાહકોને "ખાસ લાભ."

જેઓ અમારા માસિક "સરસ્વતી શૃંગાર"ના ગ્રાહક હશે, અને જેમણે ચાલતી સાલનું લવાજમ મોકલી આપ્યું હશે, તેમને અમારૂં કોઈ પણ પુસ્તક (એક નકલ મંગાવશે તોપણ) ૨૫ ટકા કમિશન કાપીને આપવામાં આવશે.

કચ્છ—ભુજ "સરસ્વતી શૃંગાર" ઑફિસ.

જીવરામ અજરામર ગોર
"સરસ્વતી શૃંગાર" ના અધિપતિ અને માલિક.

"સરસ્વતી શૃંગાર" ઑફિસનાં પુસ્તકો.

ક્રમ	પુસ્તકનું નામ ઇત્યાદિ	કિંમત રૂ. આ.	પોસ્ટેજ આ. પા.
૧	વિદુરનીતિનું કવિતારૂપ ભાષાન્તર*	૦—૧૦	૧—૦
૨	વાર્ત્તાવિનોદ. પ્રથમ દર્શન.	૧—૮	૨—૦
૩	સુખ સન્માર્ગ+	૧—૪	૨—૦
૪	ભગવત પિંગળ *	૧—૦	૧—૦
૫	લગ્ન (નવી આવૃત્તિ.)	૦—૧૨	૧—૦
	,, પાકા ગિલ્ટના પૂઠાની.	૧—૦	૧—૦
૬	માધવી કંકણ (નૉવેલ)	૧—૪	૨—૦
૭	સાત ખુન (ડિટેક્ટીવ નૉવેલ.)	૦—૮	૦—૬
૮	પ્રેમ પંચોતરી+ (બીજી આવૃત્તિ)	૦—૩	૦—૬
૯	કાવ્ય કળાધર કળા ૧ લી+	૦—૮	૦—૬
૧૦	મેઘાડમ્બર+ (બીજી આવૃત્તિ)	૦—૪	૦—૬
૧૧	મોજદીન મેહેતાબ (બીજી આવૃત્તિ)	૦—૩	૦—૬
૧૨	ખુશબો કુમારી. (બીજી આવૃત્તિ)	૦—૮	૧—૦
૧૩	હિકાયતે લતીફ*(નાની વાર્ત્તાઓ.)	૦—૪	૦—૬
૧૪	ઉઢા અને હોયલ (નવી આવૃત્તિ.)	૦—૮	૧—૦
	,, પાકા ગિલ્ટના પૂઠાની.	૦—૧૨	૧—૦
૧૫	દાદાભાઇ સ્તોત્ર.+	૦—૨	૦—૬
૧૬	"સરસ્વતી શૃંગાર" પુ.૧લું બાંધેલું.	૩—૦	૪—૦
૧૭	,, પુ.૨જું ,,	૨—૮	૩—૦

મળવાનાં ઠેકાણાં:—અમદાવાદ—મેસર્સ ચિમનલાલ ચૂનીલાલ એન્ડ કું. “આર્યોદય” પ્રેસ બિલ્ડીંગ (સોલએજંટ), બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે; મુંબાઈ—પંડિત જ્યેષ્ઠારામ મુકુંદજી; સુરત—બુકસેલર—બાલુભાઈ ઇચ્છારામ; વડોદરા—જાણીતા બુકસેલરો; રાજકોટ—બુકસેલર બહેચરભાઈ મેઘજી; માંડવી (કચ્છ)—નાગોરી ચાંપસિંહ ભીમરાજ અને મુલ્લા કરીમજી; ઝાંઝીબાર—મિ. લાલજી જ્યેષ્ઠારામ મહેતા (કાસમભાઈ હરિમાણીની પેઢી પર.) ભુજ મેસર્સ વાઘજી શિવરામ એન્ડ કંપની તથા અમારી ઑફિસ.

કચ્છ—ભુજ “સરસ્વતી શૃંગાર” ઑફિસ.	જીવરામ અજરામર ગોર. અધિપતિ “સરસ્વતી શૃંગાર.

આ લીસ્ટમાંનાં (*) આવી નિશાનીવાળાં પુસ્તક મુંબઈ ઇલાકાના સરકારી કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબ તથા કચ્છ સ્ટેટના મે. વિદ્યાધિકારી સાહેબે અને (+) આવી નિશાનીવાળાં માત્ર વડોદરાના મે. વિદ્યાધિકારી સાહેબે “ઇનામ અને સ્કૂલ લાયબ્રેરી માટે મંજુર” કરેલાં છે.